**સુવિચાર**
ભરપૂર આત્મવિશ્વાસ ધરાવનાર વ્યકિત જ જીંદગીના ગમે તેવા ગમને ગળી જાય છે.
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૫/૦૯/૨૦૨૪, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ ભાદરવા વદ-૮ વર્ષ : ૧૫ અંક : ૨૪૦

ઈમરજન્સી સારવાર
24/7 Emergency Services
એપોઈન્ટમેન્ટ માટે 99782 23000
હૃદયરોગ - બીપી
શ્વાસ દમ ન્યુમોનિયા
પક્ષઘાત - પેરાલીસીસ - આંચકી
ડાયાબીટીસ - કીડની
લીવરની તકલીફ વગેરે
ડો. રાજન કકૈયા
(એમ.ડી.)
કન્સલટન્ટ ફીજીશ્યન



વિશેષ સુવિધા
આયુષ્યમાન કાર્ડ ધારકોને ફ્રી સારવાર
કેશલેશ મેડીકલેઈમ સુવિધા
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,૯૯૭૮૨ ૨૩૦૦૦

## ગૌણસેવાની પરીક્ષા પાસ કરાવવાનું કહીને છેતરપીંડી કરતાં ફરિયાદ

# બગસરાની યુવતી સાથે રૂા. ૯૦.૩૦ લાખની ઠગાઈ

### અશોકભાઈ બાબરીયા, ભાવનાબેન ભટ્ટ અને મનોજભાઈ કારેલીયા વિરૂધ્ધ નોંધાઈ ફરિયાદ

### હું બગસરા તાલુકા પંચાયતમાં ઓફિસર છું, પત્ની બહાઉદીન કોલેજમાં પ્રોફેસર છે, મામા કમિશનર છે તેવું કહેવામાં આવ્યું

### આજથી ૭ વર્ષ પહેલા થયેલ ઠગાઈની ફરિયાદ સ્થાનિક પોલીસમાં નોંધાતા ચકચાર

### આરોપીઓ લાજવાને બદલે ગાજયા અને યુવતીને ફોનમાં ગાળો આપી ધમકી પણ આપી

અમરેલી, તા. ૨૪

ગૌણ સેવા મંડળની પરિક્ષા પાસ કરાવી દેવાનું કહી બગસરાની યુવતી હસ્તકના સંપર્ક કરી પરિચિતો સાથે તેમજ યુવતીને દાવત સોડાની એજન્સી ભાગમાં લેવાનું કહી રૂા. ૯૦ લાખની છેતરપીંડી આચરવામાં આવતા બગસરા પોલીસે મહિલા સહિત ત્રણ સામે ફરિયાદ નોંધી છે.

બગસરાના ગોકુળપરા સરકારી દવાખાના પાછળ રહેતા સાધનાબેન ભગવાનભાઈ દોંગા (ઉ.વ. ૩૦) નામની યુવતીએ બગસરા પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં અશોક સામત બાબરીયા (રહે. બગસરા નદીપરા), ભાવના હસમુખ ભટ્ટ (રહે. મુળ બગસરા), મનોજ વિનોદરાય કારેલીયા (રહે. બગસરા)ના નામ આપ્યા છે. ફરિયાદમાં જણાવ્યું છે કે, વર્ષ ૨૦૧૭માં હું મેઘાણી હાઈસ્કુલમાં પ્રવાસી શિક્ષક તરીકે નોકરી કરતી હતી ત્યારે સેવાસેતુનો કાર્યક્રમ હતો. દરમિયાન અશોક બાબરીયા સાથે મુલાકાત થઈ હતી અને તેણે મને કહ્યું હતું કે, હામાપુર કૌશલ્યવર્ધન કેન્દ્રમાં ૧૧ મહિના કોન્ટ્રાકટ બેજમાં છોકરા છોકરીઓની નોકરી માટે જરૂર છે. એમ વાત કર્યા બાદ અશોકભાઈનો મને વાંરવાર ફોન આવતો હતો અને કહ્યું હતું કે હું વિસાવદર તાલુકા પંચાયતમાં ઓફિસર છું અને મારા પત્ની જુનાગઢની બહાઉદીન કોલેજમાં પ્રોફેસર છે, મારા મામા ગાંધીનગરમાં કમિશનર છે, જેથી હું ગૌણ સેવા પસંદગી મંડળની તમામ જગ્યાઓની પરીક્ષા પાસ કરાવું છું અને કોઈને પરીક્ષા પાસ કરવાની હોઈ તો મારો કોન્ટકટ કરાવજો. આથી જેતપુર રહેતા પરિચિત બ્રિજેશભાઈ અશોકનો કોન્ટેક કરાવ્યો હતો અને બ્રિજેશે મને બે લાખ આપ્યા હતાં એ મેં અશોકને આપ્યા હતા. આમ જુદા જુદા મારા પરિચિતને નોકરીનું કહી પરિચિતોએ તેના લાગતા વળગતાઓને કહી આમ ૧૫ જેટલા લોકોએ અશોક અને તેની પત્ની ભાવનાને ૨ થી પાંચ લાખ રૂપિયા આપ્યા હતાં.

આ દરમિયાન મારા માતાને કેન્સરની બિમારી હતી ત્યારે ભાવના ભટ્ટ મારા ઘરે આવ્યા હતાં અને મને કહ્યું હતું કે તમારા મમ્મીને કેન્સરની બિમારી થયેલી છે તો આપણે દાવત સોડાની પાંચ જીલ્લાની એજન્સી લઈએ જેમાં આપણે ટેન્ડર ભરવું પડશે. એજન્સીનું સંચાલન હું ને મનોજભાઈ કરીશું રોકાણ તમે કરજો જેમાં ૫૦-૫૦ ટકા ભાગીદારી રહેશે. આમ નકકી થતા મેં વિવિધ

અનુસંધાન પાના ૬ ઉપર

## કયાં કારણોસર શોર્ટ લાગ્યો તેની તટસ્થ તપાસ જરૂરી બની

# બગસરા : નવા માંડવડા ગામે ૧૧ કેવી વીજલાઈન રીપેર કરતી વેળા શોર્ટ લાગતાં વીજકર્મીનું કમકમાટીભર્યુ મોત

### નારણભાઈ પરમાર નામનાં કર્મી પોલ પરથી નીચે પટકાતા મોત નિપજયું

બગસરા, તા. ૨૪

બગસરા સબ ડિવિઝનની નીચે આવતા માંડવડા ગામમાં ઈલેવન કેવીનો ફોલ્ટ હોવાના કારણે ચાર વ્યકિતઓ રીપેરીંગ કરવા ગયેલા હતા. રીપેરીંગ દરમિયાન નારણભાઈ ગોકળભાઈ પરમાર નામના વ્યકિતએ પોલ ઉપર ચડીને રીપેરીંગ કરતા હતા એ દરમિયાન શોર્ટ સર્કિટ થતા નારણભાઈ નીચે પટકાતા તેમનું મોત થયું હોવાનું પ્રાથમિક કારણ મળ્યું હતું. ત્યારબાદ પીજીવીસીએલની ટીમ દ્વારા તેમને સારવાર માટે બગસરા સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા ત્યારે ગંભીર હાલત હોવાના કારણે અમરેલી સિવિલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. ત્યારે તેમનું મોત થયું હોવાનું કહેવામાં આવ્યું હતું. હાલમાં પીએમ રિપોર્ટ આવ્યા બાદ સચોટ તારણ મળશે કે શોર્ટ સર્કિટથી મૃત્યુ થયું કે પછી નીચે પટકાવાથી. જયારે નારણભાઈ બરોડા ગામના વતની હતા અને હાલમાં બગસરા પીજીવીસીએલમાં ફરજ બજાવતા હતા. ત્યારે તેમની ઉંમર આશરે ૫૬ વર્ષ જયારે નિવૃત્તિને ફકત ૨ વર્ષનો



સમયગાળો બાકી હતો એ દરમિયાન ફોલ્ટ રીપેરીંગ કરવા જતા એમનું મોત થયું હતું. જયારે તેમના સંતાનમાં એક જ પુત્ર છે ત્યારે તેમના પરિવારમાં ઘેરો શોક વ્યાપી ગયો હતો. જયારે આ સમગ્ર ઘટનાની જાણ પીજીવીસીએલને થતા કર્મચારીઓ અને અધિકારીઓ ઘટના સ્થળે દોડી ગયેલા હતા.

ત્યારે તેમના પરિવારજનો ધ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે કે આ પીજીવીસીએલની ઘોર બેદરકારીના કારણે આ બનાવ બન્યો હોવાનું કહેવામાં આવે છે કે જયારે રીપેરીંગ કરવા ગયેલા ત્યારે લાઈટ બંધ કરેલી હતી પરંતુ શોર્ટ કેવી રીતે લાગ્યો તે તપાસનો વિષય બની ચૂકયો છે.

## જગતાત ગણાતા ખેડૂતોએ પિયત કાર્ય શરૂ કર્યુ




બાબરા પંથકમાં ભાદરવા માસનાં આકરા તાપમાં ખેડૂતો ધ્વારા પિયત શરૂ કરાયું. ફુવારા સિસ્ટમથી ખેડૂતો મગફળી, કપાસ, મગ સહિતના ખેત ઉત્પાદનને પિયત કરી રહ્યા છે.

## સ્વામીનારાયણ ભગવાનનું શ્રાધ્ધ પર્વ હોય

# બગસરા : સ્વામીનારાયણ મંદિરમાં આવતીકાલે નવા-જુની થવાનાં એંધાણ

### મંદિર ટ્રસ્ટ દ્વારા નોટિસ જાહેર કરાતા ચકચાર




બગસરા, તા. ૨૪

બગસરા સ્વામિનારાયણ મંદિરમાં ગુરૂવારે યોજાનારા શ્રાદ્ધ પર્વમાં મંદિરના ટ્રસ્ટ દ્વારા નોટિસ જાહેર કરી અન્ય કોઈએ સભા ન કરવા જાહેર કરતા ગુરૂવારે મંદિરમાં નવા જૂની થવાના એંધાણ દેખાવા લાગ્યા છે.

બગસરા સ્વામિનારાયણ મંદિર ખાતે ગુરૂવારના રોજ ભગવાન સ્વામીનારાયણના શ્રાદ્ધ પર્વની ઉજવણી કરવાની જાહેરાત કરવામાં આવેલ છે. સાથે સાથે મંદિર ટ્રસ્ટ દ્વારા જાહેર નોટિસ લગાડવામાં આવેલ છે કે, મંદિરના પરિસરમાં ગુરૂ લક્ષ્મીપ્રસાદ દાસજીના કાર્યક્રમમાં સર્વે હરિભકતોએ જોડાવાનું છે તેમના સિવાય અન્ય કોઈ સંત દ્વારા મંદિરમાં સભા કરવાની રહેશે નહીં.

અત્રે ઉલ્લેખનીય છે કે, મંદિરમાં છેલ્લા ઘણા સમયથી વિવેક સ્વરૂપદાસજી સ્વામી દ્વારા પણ કથા પારાયણ કરવામાં આવે છે. તેમના દ્વારા પણ ગુરૂવારે જાહેર સભાનું આયોજન કરવામાં આવેલ છે. તેથી બંને સંતોના સેવકો ગુરૂવારે મેદાનમાં એકત્ર થવાના હોય ટ્રસ્ટ દ્વારા લગાડવામાં આવેલ નોટિસને પગલે પરિસરમાં નવા જૂની થવાના એંધાણ દેખાવા લાગ્યા છે. વધુમાં મંદિર પરિસરમાં મહિલા સ્વામીનારાયણ મંદિર પણ આવેલું છે. જો તેમના દ્વારા કોઈ આયોજન થશે તો વધારે ઘર્ષણ થવાની શકયતા પણ દેખાઈ રહી છે. અગાઉ ટ્રસ્ટ દ્વારા ઘર્ષણને પગલે ૧૫ દિવસ માટે સાંજની આરતીના સમયે પોલીસ રક્ષણ પણ માંગેલું હતું.

# ધારી : નાની ગરમલી ગામનાં વૃધ્ધાનું ઝેરી પદાર્થથી મોત

અમરેલી, તા. ૨૪

ધારી તાલુકાના નાની ગરમલી ગામે રહેતા વલુબેન બાબુભાઈ વાળા નામનાં ૬૫ વર્ષિય વૃધ્ધા તા. ૨૨ ના મોડી રાત્રી આશરે સાડા બારેક વાગ્યે તેમને છાતીમાં દુ:ખાવો શરૂ થતા તેમણે કોઈ ઝેરી પદાર્થ ખાય જતા સારવારમાં લઈ જતા મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

જોઇએ છે
કોમ્પ્યુટર ઓપરેટર......................૨
CorelDraw, Photoshop, PageMaker 7 તથા ગુજરાતી ટાઇપીંગનાં અનુભવી
ઓફિસબોય............................૧
ઓફિસનાં પરચુરણ કામકાજ માટે
અમરેલી શહેરનાં (સ્થાનિક) વ્યકિતઓએ જ સંપર્ક કરવો
રૂબરૂ મળવાનો સમય : ૧૨:૩૦ થી ૧:૩૦
''અમરેલી એકસપ્રેસ'' દૈનિક
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

## રેખાબેન રમણીકભાઈ તળાવીયા નામની

# ધારીનાં કુબડા ગામની યુવતીએ પોતાની મેળે ઝેર પી અંતિમવાટ પકડી

### ૬ દિવસની સારવાર બાદ મોત નિપજયું

અમરેલી, તા. ૨૪

ધારી તાલુકાના કુબડા ગામે રહેતા રેખાબેન રમણીકભાઈ તળાવીયાની ૨૦ વર્ષિય દિકરી વૈષ્ણીબેનને ગત તા. ૧૬ ના રોજ સવારમાં ઉઠેલે તે વખતે પેટમાં દુ:ખતું હોય અને ત્યાર બાદ તેણીની માતા સવારમાં આશરે વાગ્યે સાફ-સફાઈ કરવા સારૂ ગામમાં ગયેલ હોય અને બાદ આશરે દસેક વાગ્યે ઘરે આવેલ. ત્યારે વૈષ્ણીબેન બેભાન હાલતમાં પડેલ હોય. જેથી પ્રથમ ધારી ખાનગી દવાખાને ખસેડાયેલ બાદ વધુ સારવાર માટે અમરેલી સિવિલ હોસ્પિટલ લઈ જતા ફરજ પરના ડોકટરે વૈષ્ણીબેને ઝેરી દવા પીધેલનું જણાવેલ હોય. વૈષ્ણીબેને કોઈ અગમ્ય કારણોસર પોતે પોતાની મેળે ઝેરી દવા પી જતા તા. ૨૨/૯ ના રોજ મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## ૨૦ દિવસ પહેલા પત્ની ઘર છોડીને જતી રહી

# અમરેલીનાં ચાંપાથળ ગામનાં પ્રૌઢ ખેડૂતની પત્ની પિયર ગઈને ચોરી થઈ

### અજાણ્યા ઈસમોએ ૭૦ હજારનો મુદ્દામાલ ઉઠાવ્યો

અમરેલી, તા. ૨૪

અમરેલી તાલુકાના ચાંપાથળ ગામે રામજી મંદિરવાળી શેરીમાં રહેતા ચંદુભાઈ ધીરૂભાઈ ખુંટ નામનાં ૫૧ વર્ષિય ખેડુતના પત્નિ તે પુનમબેન આંબલીયાભાઈ રાઠવાની પુત્રી ગત તા. ૨૫/૧૦/૨૧ના વીસેક દિવસ પહેલા પોતાનું ઘર છોડીને પોતાના માવતર જતા રહેલ હોય અને ખેડૂતે ચાંપાથળ ગામે આવેલ પોતાના રહેણાંક મકાને તપાસ કરતા મંગળસુત્ર નંગ-૧, સોનાની બુટી જોડ નંગ-૧, ચાંદીનો કંદોરો નંગ-૧, સોનાનો ઓમકાર નંગ-૧, ચાંદીના છડાની જોડ નંગ-૩ તથા રોકડા રૂા. ૩૦,૦૦૦ મળી કુલ રૂા. ૭૦,૦૦૦ની કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઈ ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

## રાજકોટ ખાતે પૂ. મોરારિબાપુનાં વ્યાસાસને યોજાનાર રામકથાની તડામાર તૈયારીઓ

# સદ્‌ભાવના વૃધ્ધાશ્રમનાં લાભાર્થે ૨૩ નવેમ્બરથી વૈશ્વિક રામકથાનો પ્રારંભ

**દરરોજ એક લાખ લોકો કથા શ્રવણ અને ભોજન-પ્રસાદનો લાભ લેશે**

**૩૦૦ કરોડનાં ખર્ચે ૧૪૦૦ રૂમમાં ૫ હજાર નિરાધાર વડીલોનો સમાવેશ કરાશે**

**કથામાં વિદેશથી પણ ૧૦ હજાર રામકથાપ્રેમીઓ પધારશે**

**માતૃદેવો ભવ, પિતૃદેવો ભવની ભાવના સાથે સુંદર આયોજન**




રાજકોટ, તા. ૨૪

રાજકોટમાં ૧૨ વર્ષ પછી વૃદ્ધો અને વડીલોનાં શુભાર્થે પૂ. મોરારિબાપુની વૈકિ રામકથાનું આયોજન કરવામાં આવ્યું છે. વૈકિ રામકથા ૨૩ નવેમ્બરથી શરૂ થઈને ૧ ડિસેમ્બર સુધી ચાલશે. દરરોજ ૧ લાખ લોકો વૈકિ રામકથા શ્રવણ કરશે અને પ્રસાદ લેશે.

નિમિત આયોજકો દ્વારા તડામાર તૈયારીઓ અને સુંદર વ્યવસ્થા કરવાનું આયોજન શરૂ થઈ ગયું છે. આ સાથે અલગ- અલગ સમિતિના સ્વયંસેવકોએ પોતાની જવાબદારી ખુબજ કાળજીપૂર્વક નિભાવી આ પ્રસંગને એક ભવ્યાતિભવ્ય ઉત્સવ બનાવવા પ્રયાસ કરી રહ્યા છે. વિવિધ કાર્યો માટે અલગ અલગ પ્રકારની સમિતિઓ જેવી કે પાર્કિંગ સમિતિ, મેડીકલ સમિતિ, સ્વચ્છતા સમિતિ, મંડપ ડેકોરેશન સમિતિ, પાણી વ્યવસ્થા સમિતિ, ભોજન વ્યવસ્થા સમિતિ તેમજ ઉતારાની ચા–નાસ્તા સમિતિ બનાવવામાં આવી રહી છે. વૈકિ રામકથા માટે રેસકોર્સ ગ્રાઉન્ડ બૂક કરવામાં આવ્યું છે. આ વૈકિ રામકથા વૃક્ષો અને વડીલોનાં લાભાર્થે તેમજ સૌ આબલ વૃધ્ધો માટે આધ્યાત્મિક અને ધાર્મિક અનુભવ આપવાનું વિશેષ આયોજન છે.

રાજકોટમાં રેસકોર્સના આંગણે ૨૩ નવેમ્બરથી આરંભ થઈ રહેલ આ ધર્મઉત્સવ સ્વરૂપ વૈકિ રામકથાનું રસપાન કરવાનો અમુલ્ય લાભ વધુને વધુ લોકો લઈ શકે અને લાખો લોકો બેસીને કથા શ્રવણ કરી શકે તે માટે વિશાળ ડોમ (કથા મંડપ) બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. પરમ પૂજય મોરારિબાપુની વ્યાસપીઠનું સંપૂર્ણ સ્ટેજ ડેકોરેશન મર્યાદા પુરૂષોતમ ભગવાન શ્રી રામને કેન્દ્રમાં રાખી કરવામાં આવશે. જે સમગ્ર કથા મંડપનું કેન્દ્ર બની રહેશે અને લાખો રામભકતોને પૂ. મોરારિબાપુની કથામૃત વાણી સાંભળવાનો લાભ મળશે. વૈકિ રામકથામાં શહેર, જીલ્લાના, રાજય, દેશનાં સંતો, મહંતો, ભકતો સહિત વિદેશી ભકતો પણ ઉપસ્થિત રહેશે.

પૂ. મોરારિબાપુની અલૌકિક કથાનો રસપાન કરતા રામ ભકતોની પ્રાથમિક જરૂરિયાતો જેવી કે પાથરણા, ગાદલા, તકિયા, ખુરશી તેમજ પાણીની વ્યવસ્થા કરી તમામ પ્રકારની યોગ્ય ગોઠવણી કરવાનો પ્રયત્ન થશે. રામભકતો અલૌકિક કથાનું રસપાન કરી શકે તે માટે અધ્યતન ઓડિયો, વીડિયો સિસ્ટમની ગોઠવણી કરવાનો પ્રયાસ થશે. આ ઉપરાંત કથા મંડપમાં દૂર બેસેલા ભકતો પણ પૂજય બાપુનાં સન્મુખ દર્શન કરી શકે અને શ્રોતાઓને કથા શ્રવણનો સંપૂર્ણ લાભ મળી રહે તે માટે કથા મંડપ વચ્ચે એલ.ઈ.ડી. સ્ક્રીન્સ પણ લગાવામાં આવશે. કથા શરૂ થાય તે પહેલા પૂજન અર્ચન કરીને પ્રભુ સાનિધ્યમાં કથા મંડપના પરિસરને વધુ પવિત્ર બનાવાશે. કથાની બેઠક વ્યવસ્થાના ધાર્મિક પરિસરને વધુ રસમય બનાવવા વિવિધ ધાર્મિક ખંડોને દશરથ ખંડ, રામ ખંડ, હનુમાન ખંડ, સીતા ખંડ, ભરત ખંડ, લક્ષ્મણ ખંડ, ઉર્મિલા ખંડ, અયોધ્યા ખંડ, કૈકૈયી ખંડ, અહલ્યા ખંડ, શબરી ખંડ વગેરે જેવા નામ આપી વિભાજીત કરવામાં આવેલ છે તેમજ કથા શ્રાવકોને કોઈ પણ જાતની અગવડતા ન પડે તે રીતે કથા મંડપમાં પ્રવેશવા માટેના અલગ અલગ પ્રવેશ દ્વાર બનાવવામાં આવશે. લાખો લોકો દરરોજ ભોજન પ્રસાદ લઈ શકે તે માટે અલાયદી ભોજન વ્યવસ્થા કરવામાં આવશે. બહેનો માટે જમવાની અલગ વ્યવસ્થા રાખવામાં આવશે. ખાદ્યપદાર્થોની યોગ્ય ચકાસણી તેમજ સફાઈનું પૂરતું ધ્યાન આપવામાં આવશે. આ ઉપરાંત ભોજનનો બગાડ ન થાય અને ભોજન ખંડમાં ગંદકી ન સર્જાય તે માટે સતત સફાઈની તકેદારી રાખવામાં આવશે. કથા શ્રવણ પૂર્ણ થયા બાદ શ્રોતાઓ માટે ભોજનપ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે. કથા સ્થળ પર જ પ્રસાદ ઘરની ગોઠવણ કરવામાં આવશે જેમાં શ્રોતાઓ સાથે મહેમાનો અને સાધુ–સંતો, મહંતો માટે પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવશે. સંતો–સાધુઓ, તમામ વર્ગ, તમામ તબક્કાના લોકોમાં અન્નપુર્ણાની સેવાનો લાભ લેશે. રેસકોર્સ પરિસરમાં આશરે વિશાળ ભોજન ખંડ બનાવવામાં આવશે જેમાં આશરે ૧ લાખ લોકોનું ભોજન બનાવવા માટેની રસોઈઘરની અલગ એવી વ્યવસ્થા કરવામાં આવશે. આ માટે ખાદ્ય પદાર્થોની યોગ્ય ચકાસણી તેમજ સફાઈનું પૂરતું ધ્યાન આપવામાં આવશે.

કથાનું રસપાન કરતી વખતે શ્રોતાઓને કોઈ પણ જાતની મેડીકલ ઈમરજન્સી સર્જાય તો પણ તકલીફ ન પડે તે માટે મેડીકલ સારવાર સમિતિ રચવામાં આવશે. કથા સ્થળે ડોકટરોની ટીમ દવાખાનાની વ્યવસ્થા સંભાળશે તેમજ જરૂરી દવાઓ અને પ્રાથમિક સારવારને લગતા સાધનો ઉપલબ્ધ રહેશે. જો જરૂર જણાય તો કોઈને હોસ્પીટલ ખસેડવા માટે એમ્બ્યુલન્સ તથા ડ્રાઈવરની પણ વ્યવસ્થા કરવામાં આવશે.

કથા મંડપમાં આવવા–જવાના માર્ગ પર કોઈ પણ મુશ્કેલી ન પડે અને ભકતોને અવ્યવસ્થા ન સર્જાય તે માટે પ્રવેશદ્વાર પર સિકયુરીટીની પણ યોગ્ય વ્યવસ્થા કરવામાં આવશે. જે કથા મંડપ, વ્યાસપીઠ તેમજ સ્ટેજ વગેરેનું ધ્યાન રાખશે અને કથા સમય બાદ પણ અવ્યવસ્થા ન સર્જાય અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે અંગેની તકેદારી રખાશે. રાજકોટના વિવિધ સમાજના અગ્રણીઓ આ વિરાટ આયોજનને પોતાનું ગણીને કામે લાગી ગયા છે.

રેસકોર્સ મેદાનમાં અલગ વિભાગો પાડીને શ્રોતાઓના વાહનો રાખવા માટે પાર્કિંગની પણ અલગ વ્યવસ્થા કરવામાં આવશે. જેમાં ૨ વ્હીલર, ૩ વ્હીલર અને ૪ વ્હીલર એમ જરૂરિયાત મુજબના અલગ અલગ પાર્કિંગની ગોઠવણ કરવામાં આવશે તેમજ વાહનોના આવવા જવાના માર્ગ પર ટ્રાફિક ન સર્જાય તે અંગેની તકેદારી રાખી સંપૂર્ણ પાર્કિંગનો નકશો તૈયાર કરવામાં આવશે. ગ્રાઉન્ડમાં કથા મંડપની નજીક જ પાણીની વ્યવસ્થા, પાર્કિંગની વ્યવસ્થા તેમજ જરૂરિયાત મુજબના ઈલેકટ્રીક કનેકશનની સગવડો કરી રામભકતોની જરૂરિયાતોનું પૂરતૂ ધ્યાન આપવામાં આવશે. ફાયર સેફટીની પણ તકેદારી રખાશે. પૂ. મોરારિબાપુના આવવાજવાના માર્ગ પર ટ્રાફિક ન સર્જાય તેમજ વાહનની સુરક્ષા જળવાઈ રહે, કોઈ પણ જાતનો અવરોધ ન નડે તે માટે પાર્કિંગ કમિટી દ્વારા કાળજી લેવામાં આવશે. આ વિશાળ આયોજનમાં વિવિધ વિભાગો જેમાં મુખ્યત્વે રસોડાની સેવા, પાર્કિંગની સેવા, પાણીની સેવા, મંડપની સેવા, પોથીયાત્રા નીકળે તે અલગ અલગ પ્રકારની સેવાઓમાં કાર્યકર્તાઓ સહિત યુવાનો અને મહિલાઓ સેવા આપશે. આ સિવાય મહેમાનોના ઉતારા તથા તેમના ચા, નાસ્તા માટેની વ્યવસ્થા માટે અલગ સમિતિ બનાવવામાં આવશે.

સદભાવના વૃદ્ધાશ્રમની ટીમ દ્વારા દ્વારકા શારદાપીઠનાં શંકરાચાર્ય પૂ. સદાનંદ સરસ્વતીજીનાં વૈકિ રામકથાના આયોજન અંગે આશીર્વાદ મેળવાયા છે. શારદાપીઠનાં શંકરાચાર્ય પૂ. સદાનંદ સરસ્વતીજીએ સમગ્ર આયોજનની રૂપરેખા જાણી ખુબ આનંદની અભિવ્યકિત કરી હતી તેમજ પર્યાવરણની અને વડીલોની સેવા અંગે પુનીત માર્ગદર્શન આપ્યું હતું. સંસ્કાર, સંસ્કૃતિ અને સેવાનાં સિંચન સમા આ રામકથા આયોજનમાં ઉપસ્થિત રહેવા પંડીત ધીરેન્દ્ર શાસ્ત્રીને આમંત્રણ પાઠવાયું છે. બાગેરધામનાં પંડીત ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીએ રામકથાનાં આયોજનમાં નિમિત્ત આયોજકોને અભિનંદન આપ્યા છે. સ્વામી રામદેવ પતંજલિ યોગ વિદ્યાપીઠનાં સ્થાપક છે. તેમનું મુખ્ય કાર્યાલય હરિદ્વારમાં આવેલું છે. યોગ ગુરૂ બાબા રામદેવે યોગાસનને જનતામાં લોકપ્રિય બનાવવાનુ તેમજ આયુર્વેદિક ચિકિત્સા પ્રત્યે જાગૃતિ ફેલાવવાનું કાર્ય કર્યુ છે. સંસ્કાર, સંસ્કૃતિ અને સેવાનાં સિંચન સમા આ રામકથા આયોજનમાં બાબા રામદેવ ખાસ હાજરી આપવાના છે. શાંતિકુંજ ગાયત્રી પરિવાર, હરિદ્વારના પ. પુ. ડો. ચિન્મયાનંદજી મહારાજને પણ રૂબરૂ આમંત્રણ પાઠવાયું છે અને તેઓ પણ ઉપસ્થિત રહેવાનાં છે. પૂ. મોરારિબાપુની રામકથામાં વિ હિંદુ પરિષદનાં આંતરરાષ્ટ્રીય અધ્યક્ષ આલોક કુમારજી ખાસ ઉપસ્થિત રહેશે.

તાજેતરમાં તલગાજરડા ખાતે પૂ. મોરારિબાપુને રૂબરૂ મળી વૈકિ રામકથાનાં આયોજનની માઈક્રો ડીટેલ સદભાવના વૃદ્ધાશ્રમની ટીમે પૂ. બાપુને આપી હતી.

---

વૈકિ રામકથા સાથોસાથ સમાજોપયોગી અનેક સત્કર્મો કરવામાં આવશે. 'થેલેસેમીયા મુકત સમાજ' બની શકે તે માટે કથામાં પધારેલા તમામ કથા ભાવિકોને થેલેસેમીયા, રકતદાન અંગેની માહિતી અપાશે, સમગ્રપણે નવેમ્બર મહિના દરમ્યાન ૨૫,૦૦૦ લોકો રકતદાન કરશે. વૈકિ રામકથા નિમિત્તે ૧ નવેમ્બરથી રાજકોટની આસપાસના અલગ અલગ વિસ્તારો, કોલેજો વગેરે સ્થળોએ વૈકિ રામકથાને નિમિત્ત બનાવીને રકતદાન કેમ્પ યોજાશે. કથા સંગે, કથા પરિસર સ્થળે પણ રકતદાન કેમ્પ યોજાશે. આખા ગુજરાતની તમામ સિવિલ હોસ્પિટલ અને બ્લડ બેંકને આમંત્રણ આપી દર્દીનારાયણ, દરિદ્રનારાયણ, થેલેસીમિયા પીડિત બાળકો માટે રકતદાનની ઝોળી છલકાવવાનો નિમિત્ત પ્રયાસ છે.

સમગ્ર કથા મંડપને સીસીટીવી કેમેરા, હાઈ સીકયુરીટી, વિમા કવચ તથા ન્યુઝ ચેનલોમાં જીવંત પ્રસારણ કરાશે.

એક જ સમયે, એક જ સ્થળે એકસાથે તમામ વર્ગ–સ્તરના આબાલ વૃધ્ધ, ગરીબ–તવંગર સૌ કથા શ્રાવકો માટે 'હરહીર' નું આયોજન.

તમામ લોકોને મેસેજ, આમંત્રણ, માહિતી પહોંચે તેવા ઉમદા અને પવિત્ર આશયથી ૨૫ કિલોમીટર લાંબી એવી 'ભવ્ય આમંત્રણ રેલી'નું આયોજન કરાશે.

વૈકિ રામકથાનું કાર્યાલય શરૂ થઈ ગયું છે. દરરોજ મીંટીગોનો ધમધમાટ, કાર્યોની વહેંચણી, માઈક્રો પ્લાનીંગ, પ્રચાર–પ્રસાર સહિતનાં વિભાગો કાર્યરત છે.

વૈકિ રામકથામાં વ્યસન મુકિત અભિયાન પણ થશે, હજારો લોકો વ્યસન મુકત બનશે.

ચક્ષુદાન, દેહદાન, અંગદાન, શાકાહાર, ગૌસેવા–જીવદયાનાં સંકલ્પ પત્રો લોકો ભરશે.

વરિષ્ઠ નાગરીકો, દિવ્યાંગો, ગર્ભવતી મહિલાઓ, પ્રજ્ઞાચક્ષુઓ અને બાળકો માટે કથા શ્રવણ માટે વિશેષ વ્યવસ્થા કરવાનો પ્રત્યન થશે.

પૂ. મોરારીબાપુની સમગ્રપણે ૯૪૭મી રામકથા યોજાશે.

વૃક્ષો અને વડીલો બંને છાયા આપે છે. પરિવારમાં જયારે વડીલ હોય ત્યારે માથા પર તેમની છત્રછાયા હોય તેવો અનુભવ થાય છે અને વૃક્ષો પણ છાયા આપે છે. આ કથાનું આયોજન વૃક્ષો અને વડીલો માટે કરવામાં આવ્યું છે. અગાઉ રાજકોટમાં મોરારી બાપુની સૌ પ્રથમ રામકથા ૧૯૭૬માં થઈ હતી ત્યારબાદ ૧૯૮૨, ૧૯૮૬ અને એ પછી ૧૯૯૮ માં માનસ મુદ્રિકા, ૨૦૦૭માં માનસ વાલ્મિકી, ૨૦૧૨ માં માનસ હરિહર નામે રામકથા યોજાઈ હતી.

સમગ્ર આયોજનને પ્રિન્ટ, ઈલેકટ્રોનીક, ડીજીટલ મીડીયાના પત્રકાર મિત્રો, તંત્રીઓ, પોલીસતંત્ર, રાજકોટ મહાનગર પાલિકા, સરકારી તંત્રો, કલેકટર કચેરી, જિલ્લા પંચાયત, પદાધિકારિઓ, અધિકારીઓ ઈત્યાદી, નામી–અનામી સૌનો સુંદર સહયોગ મળી રહયો છે.

---

### :: સદ્‌ભાવના વૃદ્ધાશ્રમનો પરિચય ::

રાજકોટમાં છેલ્લા ૮ વર્ષોથી સદભાવના વૃદ્ધાશ્રમ ચાલે છે જેમાં નિઃસંતાન, નિરાધાર, બીમાર ૬૦૦ વૃદ્ધો પોતાની પાછોતરી જિંદગીની ટાઢક લઈ રહ્યા છે. જેમાં ૨૦૦ વડીલો તો સાવ પથારીવશ છે, ડાઈપર પર છે. વધતી જતી જરૂરિયાતને ધ્યાનમાં લઈને રાજકોટના જામનગર રોડ પર રામપર ખાતે ૧૧ માળના ૭ નવા બિલ્ડિંગ વાળા નવો વૃદ્ધાશ્રમ બનાવવામાં આવી રહ્યો છે. ૩૦ એકરની જગ્યામાં આ વૃદ્ધાશ્રમનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. જેમાં મંદિર, અન્નપૂર્ણા ગૃહ, પુસ્તકાલય, કસરતના સાધનો, યોગા રૂમ, દવાખાનું, ગાર્ડન, કોમ્યુનીટી હોલ, બાગ બગીચા સહિતની તમામ સુવિધા પરિસરમાં જ મળી રહેશે. આ વૃદ્ધાશ્રમમાં ૧૪૦૦ રૂમ હશે. જેમાં દેશભરના ૫૦૦૦ પથારીવશ, નિરાધાર વડીલોને આજીવન આશરો આપી શકાશે. સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા વૃક્ષારોપણ, જતનની પ્રવૃત્તિ પણ પૂરજોશમાં કરવામાં આવે છે. લોકોમાં વૃક્ષારોપણને લઈને જાગૃતિ આવે તે માટે પણ આ વૈકિ રામકથાનું આયોજન કરવામાં આવ્યું છે. દેશ– વિદેશથી સામાજિક અગ્રણીઓ, ઉદ્યોગપતિ, વેપારીઓ, રાજકીય અગ્રણીઓ, દાતાઓ, કાર્યકરો હાજર રહેશે. સમગ્રપણે 'ન ભૂતો ન ભવિષ્યતિ' પ્રકારનું દિવ્ય આયોજન કરવાનો પ્રયાસ છે.

સામાજીક કે શારીરીક રીતે અશકત હોય તેવા કોઈ પણ ઉંમરના વ્યકિતઓને સદભાવના વૃદ્ધાશ્રમ, નાતજાત કે ધર્મના ભેદભાવ વગર, હરખભેર આવકારે છે. જો કોઈ નિરાધાર, નિઃસહાય, પથારીવશ કે બીમાર વ્યકિત ધ્યાનમાં આવે, તો તેને સદભાવના વૃધ્ધાશ્રમ સુધી પહોંચાડી શકાય છે. નિઃસંતાન, નિરાધાર, અપરિણત અને પથારીવશ વડિલો જયારે પોતાનાં રહયાં સહયાં જીવનને અભિશાપ ગણતા, દિવસો વિતાવતા હોય, તેવા એકલવાયા લોકો સદભાવના વૃધ્ધાશ્રમ પરિવારના સભ્ય બન્યા પછી આયખાંના બાકી રહેલા દિવસો સુખ–શાંતિ અને હર્ષથી વિતાવતા, ચહેરા પર સ્મિત ધારણ કરેલા જોવા મળે છે. જે સદભાવના વૃધ્ધાશ્રમ માટે સંતોષની ચરમસીમા સમું દશ્ય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સદભાવના વૃધ્ધાશ્રમ દ્વારા પર્યાવરણ સંરક્ષણ ભાગરૂપે માત્ર વૃક્ષારોપણ જ નહી, વૃક્ષોનું જતન અને ઉછેર કરવામાં આવે છે, અત્યાર સુધીમાં ૩૦ લાખથી વધુ વૃક્ષોનું પીંજરા સાથે વાવેતર ગુજરાતમાં થઈ ચૂકયું છે તેમજ મીયાવાંકી જંગલોના માધ્યમથી ૭૦ લાખ વૃક્ષો સાથે ૪૦૦ ટેન્કર, ૪૦૦ ટ્રેકટર અને ૧૬૦૦ માણસનો પગારદાર સ્ટાફની મહેનતથી વાવવામાં આવ્યા છે. સમગ્ર ભારતમાં ૧૫૦ કરોડ વૃક્ષો વાવવાનો, ઉછેરવાનો સંસ્થાનો ધ્યેય છે. ગુગલ મેપ પરથી જયારે કોઈ સર્ચ કરે ત્યારે ગ્રીન ભારત દેખાવું જોઈએ.

સદભાવના વૃધ્ધાશ્રમ દ્વારા રાજકોટના જામનગર રોડ પર ાનઆશ્રમ પણ ચલાવવામાં આવે છે જેમાં માનવ મિત્ર અને માનવ વફાદાર એવા બિમાર, અંધ, અપંગ, અને લાચાર ૧૫૦ ાનોને જીવનપર્યંત આશ્રય–સેવા–સારવાર–સુશ્રુષા કરવામાં આવે છે.

સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા ગૌવંશ બળદ આશ્રમ પણ ચલાવવામાં આવે છે. જેમાં ગામ, શહેર, હાઈવે રોડ પર બળદ છુટા, રખડતા, લાચાર, બીમાર કે વયોવૃધ્ધ અવસ્થાનાં ૧૬૦૦ અનાથ બળદોને સાચવવામાં આવે છે.

સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા દર્દીનારાયણ, દરિદ્રનારાયણની સેવામાં પડતર કિંમતનો સદભાવના વૃદ્ધાશ્રમ મેડિકલ સ્ટોર શરૂ કરવામાં આવ્યો છે જેમાં 'નહિ નફો નહિ નુકસાન' ના ધોરણે લોકોને દવાઓ પર ૧૫%થી ૬૦% સુધી ડિસ્કાઉન્ટ મળે છે.

આ ઉપરાંતમાં સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા પશુ, પક્ષીઓ માટેની નિઃશુલ્ક પશુ હોસ્પિટલ પણ ચલાવવામાં આવે છે કે જેનો સમગ્ર સૌરાષ્ટ્ર કચ્છના જીવદયા પ્રેમીઓ લાભ લે છે. આ નિઃશુલ્ક પશુ, પક્ષી હોસ્પિટલમાં ઓપરેશન થિયેટર, ડોકટર્સ, પેરા મેડિકલ સ્ટાફ, શેલ્ટર સહિતની સુવિધાઓ ઉપલબ્ધ છે.

વૃક્ષો અને વડીલોની સેવા કરતા સદભાવના વૃદ્ધાશ્રમનાં લાભાર્થે તા. ૨૩ નવેમ્બર–૨૦૨૪ થી તા. ૦૧ ડીસેમ્બર–૨૦૨૪ સુધી રેસકોર્સ ગ્રાઉન્ડ, રાજકોટ ખાતે પૂ. મોરારિબાપુની વૈકિ રામકથા યોજાનાર છે. વૈકિ રામકથાની વિશેષ વિગતો માટે મો. ૯૬૬૪૮ ૫૧૭૩૮ પર સંપર્ક કરવા સદભાવના વૃદ્ધાશ્રમની યાદીમાં જણાવાયું છે. વૈકિ રામકથા કાર્યાલય: ધટવિન ટાવર, અમીન માર્ગ, સૌરાષ્ટ્ર હાઈસ્કૂલ પાસે, રાજકોટ.

---

### સભાસદ રાજુભાઈ મકવાણાનું અકસ્માતે મૃત્યુ

## અમરેલી નાગરિક સહકારી બેન્ક દ્વારા વારસદારને મૃત્યુ સહાય પેટે ૧ લાખ ચૂકવાયા

**બેન્કનાં પદાધિકારીઓએ ચેક અર્પણ કર્યો**

અમરેલી, તા. ૨૪

અમરેલી નાગરિક સહકારી બેંક લી. ના સભાસદ અકસ્માત વિમા સહાય યોજનામાં મૃત્યુ પામેલ સભાસદોના વારસદારોને બેંક તરફથી રૂા. ૧ લાખની સહાય આપવાની યોજના અન્વયે સ્વ. રાજુભાઈ વાલજીભાઈ મકવાણાના વારસદારને રમાબેન રાજુભાઈ મકવાણાનાં વારસદારને રૂા. ૧ લાખના ચેકનું અર્પણ બેંકના ચેરમેન જયેશભાઈ એમ.નાકરાણી મેનેજીંગ ડિરેકટર શૈલેષભાઈ બી.સંઘાણી તથા બેંકના ડિરેકટર પી.પી.સોજીત્રા દ્વારા કરવામાં



આવેલ છે. અમરેલી નાગરિક સહકારી બેંકે સભાસદ પ્રત્યેની કુટુંબ ભાવના વ્યકત કરીને સભાસદો પ્રત્યેનું ત્રણ અદા કરેલ છે એમ બેંકના મેનેજર દિલીપભાઈ ધોરાજીયાની સંયુકત યાદીમાં જણાવેલ છે.

---

### હૃદયરોગ અટકાવવા માટે યોગ કારગર

## અમરેલી ખાતે આગામી યોગ ડે નાં પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે યોગ શિબિર યોજાશે

**યોગ શિબિરમાં જોડાવવા અનુરોધ કરાયો**

અમરેલી તા.૨૪

તા.૨૯ સપ્ટેમ્બર એટલે કે વિહૃદયદિવસ નિમિત્તે ગુજરાત રાજય યોગબોર્ડ દ્વારા અમરેલીના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

આ યોગ શિબિરનો ઉદેશ્ય હૃદય રોગને સંબંધે લોકોમાં જાગૃત્તિ, ઉપાયો અને યોગ થકી તેને અટકાવવા માટેનો છે. લોકોના માનસિક અને શારીરિક સ્વાસ્થ્યની સાથે સાથે આવનારી પેઢીમાં યોગ અંગે જાગૃત્તિ કેળવાય અને લોકો યોગ કરતા થાય તે માટે આ યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. ભાગદોડ ભર્યા જીવનમાં ખાસ કરીને હૃદય સંબંધી રોગો અટકાવવા માટે યોગ એ ખૂબ કારગર નીવડે છે.

ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા તા.૨૯–૯–૨૦૨૪ના રોજ સવારના ૬ થી ૮ કલાક દરમિયાન અમરેલીના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે આ યોગ શિબિર યોજાશે. ઉલ્લેખનીય છે કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસોથી સમગ્ર વિમાં તા.૨૧મી જૂનના દિવસે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

## છેલ્લા ૧ વર્ષથી સફાઈમાં દે ધનાધન થયા બાદ પુનઃ સફાઈ કાર્ય વેગવંતુ

# અરે વાહ : અમરેલીમાં પાલિકા દ્વારા રાત્રિનાં પણ સફાઈ કામગીરી

**સમગ્ર દેશમાં પ્રધાનમંત્રીનાં આહ્વાનને લઈને સ્વચ્છતા અભિયાન શરૂ થયું હોય અમરેલી પણ જોડાયું**

**પાલિકાનાં શાસકો થોડા દિવસો પુરતું અભિયાન ચલાવવાને બદલે કાયમી ધોરણે કામગીરી કરે તે જરૂરી**

**જિલ્લાનાં મુખ્ય મથકને સ્વચ્છતા મળી રહે તે માટે દરેક નાગરિકે પણ સહયોગ કરવો જરૂરી**

**સ્વચ્છતાથી માનવ પ્રકૃતિ અને તંદુરસ્તીને પણ જબ્બરો ફાયદો મળી શકે તેમ છે**



અમરેલી, તા. ૨૪

તા. ૨ઓક્ટોબર–મહાત્મા ગાંધીજીના જન્મ દિવસને સમગ્ર ભારતમાં 'સ્વચ્છ ભારત દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આ વર્ષે પણ 'સ્વચ્છ ભારત મિશન ના ૧૦ વર્ષની ઉજવણીના ભાગઢપે સમગ્ર દેશમાં ' સ્વચ્છતા હી સેવા અભિયાન : સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા અભિયાનનું આહ્વાન કર્યુ છે.

'સ્વચ્છતા હી સેવા અભિયાન ૨૦૨૪ : સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા અંતર્ગત અમરેલી નગરપાલિકા દ્વારા શહેરના ગલી, મહોલ્લા અને મુખ્ય રાજમાર્ગોની સાફ–સફાઈ હાથ ધરવામાં આવી છે. નગરપાલિકા દ્વારા રાત્રિ સફાઈનું પણ સફળ આયોજન હાથ ધરવામાં આવ્યું હતુ. શહેરના મુખ્ય માર્ગ એવાં લાઠી રોડ ઉપરાંત ડિવાઈડર નજીક પણ સાફ સફાઈ કરવામાં આવી હતી. અમરેલી જિલ્લામાં વિવિધ તાલુકાઓમાં શહેરી વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તારોમાં સ્વચ્છતા અભિયાન વેગવંતુ બન્યું છે.

ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં નિયમિત સ્વચ્છતા જળવાઈ રહે તે માટે પ્રયત્ન કરવા આહ્વાન કરવામાં આવ્યુ હતુ. શહેર અને ગ્રામ્ય વિસ્તાર સ્વચ્છ, સ્વસ્થ અને હરિયાળું બને, રોગચાળા મુકત બને તે બાબતે સહિયારી જવાબદારી સાથે સ્વચ્છાગ્રહી બનવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

## ચેરમેન જયેશ નાકરાણીનાં અધ્યક્ષ સ્થાને મળેલ

# ચિતલ સેવા સહકારી મંડળીની વાર્ષિક સાધારણ સભામાં દિલીપ સંઘાણીની ઉપસ્થિતિ

**સૌ કોઈને સહકારી પ્રવૃત્તિમાં સામેલ થવા અપીલ**



અમરેલી, તા.૨૪

સહકારી પ્રવૃતિ વ્યવસાય અને ખેતી સાથે જોડાયેલું અભિન્ન અંગ છે. સહકાર, પશુપાલન કૃષિ સહિતની પ્રવૃતિઓ દ્વારા ખેતિ અને ખેડૂત વિકાસશીલ બની રહેલ છે. જેથી વધુમાં વધુ સહકારી પ્રવૃતિનો લાભ ઉઠાવવા ચિતલ મુકામે આયોજીત ચિતલ સેવા સહકારી મંડળીની વાર્ષિક સાધારણ સભાને સંબોધતા રાષ્ટ્રીય સહકારી અગ્રણી દિલીપ સંઘાણીએ જણાવ્યું હતું.

જયેશભાઈ નાકરાણીનાં અધ્યક્ષસ્થાને યોજાયેલ વાર્ષિક સાધારણ સભામાં કૃષિ અને પશુપાલન તળેની વિવિધ યોજનાઓનો બહોળો લાભ ઉઠાવવા અને ખેતિને પ્રાકૃતિક તરફ લઈ જવા જણાવેલ હતું. આ તકે અમર ડેરીનાં ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા, પ્રદેશ ભાજપ કિશાન મોરચાનાં મહામંત્રી હિરેનભાઈ હિરપરા, અમરેલી જિલ્લા ખરીદ વેચાણ સંઘનાં પ્રમુખ જેન્તીભાઈ પાનસુરીયા તાલુકા ખરીદ વેચાણ સંઘનાં પ્રમુખ જયેશભાઈ નાકરાણી, વ્યવસ્થાપક કમીટીનાં સંજયભાઈ લીંબાસીયા, લક્ષ્મીકાંતભાઈ કાનાણી, મનસુખભાઈ માંગરોળીયા, કેશુભાઈ મેસીયા, ઝવેરભાઈ દેસાઈ, નાનજીભાઈ પરમાર, ચતુરભાઈ દેસાઈ, બાલાભાઈ લીંબાસીયા, જગદીશભાઈ દેસાઈ, હિંમતભાઈ ગજેરા, મગનભાઈ સાકરીયા, ભુપતભાઈ વાળા સહિત વિશાળ સંખ્યામાં સભાસદ ભાઈ બહેનો અને ગ્રામજનો ઉપસ્થિત રહયા હતા તેમ સંસ્થાની યાદીમાં જણાવાયેલ છે.

# બગસરામાં વિનામૂલ્યે નેત્રનિદાન કેમ્પ યોજાશે

બગસરા, તા. ૨૪

જેસિઝગ્રુપ બગસરા સંચાલિત શા. માણેકચંદ મુલચંદ સા. ટ્રસ્ટ આંખની હોસ્પિટલ ખાતે તા. ૨૭/૯/૨૦૨૪ને શુક્રવારના રોજ ગે.વા. ગોદાવરીબેન ગોરધનદાસ ભરખડા તથા ગે.વા. ગોરધનદાસ ગોપાલજીભાઈ ભરખડાના સ્મરણાર્થે હા. વિનોદરાય ગોરધનદાસ ભરખડા પરિવાર–બગસરાના સૌજન્યથી ૬૦૪ મો વિનામુલ્યે નેત્રનિદાન કેમ્પ રણછોડદાસજીબાપુ ચેરિટેબલ ટ્રસ્ટ રાજકોટના સહકારથી રાખવામા આવેલ છે. આ કેમ્પમા મોતિયાના ઓપરેશનની જરૂરીયાતવાળા દર્દીઓને વિનામુલ્યે આપરેશન કરી નેત્રમણી બેસાડી દેવામા આવશે.

આપરેશન માટે જનાર તમામ દર્દીઓની જમવાની વ્યવસ્થા કાયમી દાતા બગસરાના વતની સુરેશભાઈ રાયઠઠ્ઠા પરિવાર મુંબઈના સહયોગથી કરવામા આવશે.

કેમ્પમા ભાગ લેવા ઈચ્છતા દર્દીઓએ પોતાના આધારકાર્ડની નકલ સાથે રાખી કેમ્પના દિવસે તા.૨૭/૯/૨૪ને શુક્રવારના રોજ સવારે ૯ કલાકે હાજર રહેવા પ્રમુખ પ્રકાશભાઈ રાણીગાની યાદીમા જણાવેલ છે.

## અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી

# તા. ૨૭મી એ રોજગાર ભરતી મેળો યોજાશે

અમરેલી, તા. ૨૪

અમરેલી જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી તા.૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૪ને શુક્રવારના રોજ સવારે ૧૦ વાગ્યે બાબરા સરકારી આટર્સ અને કોમર્સ કોલેજ ખાતે ભરતી મેળાનું આયોજન છે. વિવિધ નોકરીદતા દ્વારા ખાલી જગ્યાઓને અનુઢપ ૧૮ થી ૪૫ વર્ષની વયમર્યાદા સાથે ગ્રેજયુએટ/ માસ્ટર/ આઈ.ટી.આઈ/ ડિપ્લોમા/ બેચલર ઓફ એન્જિનિયરીગ શૈક્ષણિક લાયકાત ધરાવતા રોજગાર ઈચ્છુકોએ ઉપસ્થિત રહેવું. રજિસ્ટ્રેશન લીક https://anubandham.gujarat gov.in./account/signup નોંધણી થયા બાદ પોર્ટલ પર login કરી પોર્ટલ જોબફેરના મેનુમાં કલીક કરી જરૂરી વિગત ભર્યા બાદ જોબફેરમાં ભાગ લઈ શકાશે. ભરતીમેળામાં ભાગ લેવા માટે આધાર કાર્ડ તેમજ શૈક્ષણિક લાયકાતના તમામ દસ્તાવેજો સાથે જોબસીકર તરીકે નોંધાણી કરાવવી ફરજિયાત છે. આ અંગેની વધુ વિગતો અને માર્ગદર્શન માટે અમરેલી જિલ્લા રોજગાર વિનિમય કચેરીનો (૦૨૭૯૨) ૨૨૩૩૯૪ dee-amr@gujarat.gov.in સંપર્ક કરવો, તેમ અમરેલી જિલ્લા રોજગાર અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

## વિશ્વ વાત્સલ્ય માનવસેવા ટ્રસ્ટ દ્વારા

# બગસરા ખાતે વિચરતી વિમુક્ત જાતિની સગર્ભા મહિલાઓને સુખડી વિતરણ

**૨૫ મહિલાઓએ લાભ લીધો**

બગસરા, તા.૨૪

વિશ્વ વાત્સલ્ય માનવસેવા ટ્રસ્ટ બગસરા દ્વારા સ્લમ વિસ્તારમાં ચાલતાં સાત બાળ સંસ્કાર કેન્દ્રના વિચરતી અને વિમુક્ત જાતિના ગરીબ પરીવારની ૨૫ સગર્ભા સ્ત્રીઓને સુખડી વિતરણ તારીખ ૨૪ સપ્ટેમ્બરના રોજ નવસારીના ઈશ્વરભાઈ રાજાણીના આર્થિક સહયોગથી સીનીયર સીટીઝન પરીવારના મંત્રી નંદલાલભાઈ બામટા અને બાળ કેળવણી મંદીરના નિયામક ભારતીબેન ધાંધીયાના હસ્તે વિતરણ કરવામાં આવેલ. આ પ્રસંગે સગર્ભા સ્ત્રીઓને જરૂરી માર્ગદર્શન પણ આપવામાં આવેલ. સંસ્થા દ્વારા દર મહિને નિયમિત જરૂરીયાત મંદ બહેનોને સુખડી વિતરણ કરવામાં આવે છે, તેમ પ્રોગ્રામ કો.ઓર્ડીનેટર મહેન્દ્રભાઈ પાથરની અખબારી યાદીમાં જણાવાયું છે. દેવચંદ



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

સાવલિયા વિશ્વ વાત્સલ્ય માનવસેવા ટ્રસ્ટ પરીવાર.

























### હાઈકોર્ટે સિદ્ધારમૈયાની સામે કેસ ચલાવવાની મંજૂરી આપી

# સિદ્ધારમૈયા પાસે રાજીનામું આપવા સિવાય કોઈ વિકલ્પ બચ્યો નથી : ભાજપ

### હાઈકોર્ટે સિદ્ધારમૈયાની સામે કેસ ચલાવવાની મંજૂરી આપી

કર્ણાટક,તા.૨૪

કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાને હાઈકોર્ટ તરફથી ઝટકો લાગ્યો છે. હાઈકોર્ટે મૈસૂર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી-MUDA કેસમાં તેમની અરજી ફગાવી દીધી છે. હકીકતમાં, રાજ્યપાલ થાવરચંદ ગેહલોતે મૈસૂર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટીના જમીન કેસમાં સિદ્ધારમૈયા સામે કાર્યવાહી કરવાની મંજૂરી આપી હતી. રાજ્યપાલના આ નિર્ણયને મુખ્યમંત્રીએ હાઈકોર્ટમાં પડકાર્યો હતો.કર્ણાટક હાઈકોર્ટની નાગપ્રસન્ના બેન્ચે ઝસ સિદ્ધારમૈયાની અરજી ફગાવી દીધી હતી. હાઈકોર્ટના નિર્ણય પર ભાજપે કહ્યું કે સિદ્ધારમૈયા પાસે રાજીનામું આપવા સિવાય કોઈ વિકલ્પ બચ્યો નથી.

હાઈકોર્ટે આ કેસમાં ૧૨ સપ્ટેમ્બરે સુનાવણી પૂરી કરી હતી અને પોતાનો આદેશ અનામત રાખ્યો હતો. રાજ્યપાલે પ્રદીપ કુમાર એસ.પી., ટી.જે. ૧૬ ઓગસ્ટના રોજ, અબ્રાહમ અને સ્નેહમોયી કૃષ્ણાની અરજીઓમાં ઉલ્લેખિત કથિત અપરાધો માટે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮ની કલમ ૧૭છ અને ભારતીય નાગરિક સંરક્ષણ સંહિતા, ૨૦૨૩ની કલમ ૨૧૮ હેઠળ કાર્યવાહી કરવાની મંજૂરી આપવામાં આવી હતી.સિદ્ધારમૈયાએ ૧૯ ઓગસ્ટના રોજ રાજ્યપાલના આદેશની માન્યતાને પડકારતી અરજી હાઈકોર્ટમાં કરી હતી. રાજ્યપાલના આદેશને રદ કરવાની વિનંતી કરતી અરજીમાં મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે મંજૂરીનો આદેશ વિચાર્યા વિના જાહેર કરવામાં આવ્યો હતો અને તે વૈધાનિક નિયમોનું ઉલ્લંઘન છે.

આરોપ છે કે સિદ્ધારમૈયાની પત્ની બીએમ પાર્વતીને મૈસુરના પોશ વિસ્તારમાં જમીન ફાળવવામાં આવી હતી. મિલકતની કિંમત તેમની જમીનના સ્થાન કરતાં વધુ હતી, જે મૈસૂર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા હસ્તગત કરવામાં આવી હતી. મૈસૂર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી એ પાર્વતીને તેની ૩.૧૬ એકર જમીનના બદલામાં ૫૦:૫૦ રેશિયો યોજના હેઠળ પ્લોટ ફાળવ્યા હતા, જ્યાં મૈસૂર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી એ રહેણાંક લેઆઉટ વિકસાવ્યું હતું.

ઓગસ્ટમાં કર્ણાટકના મંત્રીઓ અને કોંગ્રેસના ધારાસભ્યોએ રાજ્યપાલ ગેહલોત દ્વારા મુખ્યમંત્રી સિદ્ધારમૈયા સામે કેસ ચલાવવાની મંજૂરી આપવા સામે 'રાજભવન ચલો' વિરોધ પ્રદર્શન કર્યું હતું. કોંગ્રેસે રાજ્યપાલ પર ભેદભાવપૂર્ણ વર્તનનો આરોપ લગાવ્યો છે. પાર્ટીનું કહેવું છે કે રાજ્યપાલ સમક્ષ અન્ય ઘણા કેસ પણ પેન્ડિંગ છે, પરંતુ તેમણે તેના પર કોઈ નિર્ણય લીધો નથી.દરમિયાન, રાજ્યપાલ ગેહલોતે ગયા અઠવાડિયે રાજ્યના મુખ્ય સચિવ શાલિની રજનીશને પત્ર લખ્યો હતો અને શક્ય તેટલી વહેલી તકે દસ્તાવેજો સાથે વિગતવાર અહેવાલની માંગ કરી હતી.

# ગાંધીનગર ખાતે ૨૬ સપ્ટેમ્બરે CM ઓનલાઈન ફરિયાદ નિવારણ 'સ્વાગત' કાર્યક્રમ યોજાશે

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ નાગરિકો કરી શકશે રજૂઆતો અને ફરિયાદો

ગાંધીનગર,તા.૨૪

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ રાજ્યના નાગરિકો, પ્રજાજનોની રજૂઆતો અને સમસ્યાઓના ઓનલાઈન નિવારણ માટેનો રાજ્ય સ્વાગત કાર્યક્રમ ગુરૂવાર, તા. ૨૬ સપ્ટેમ્બરે બપોરે યોજાશે. જે માટે અરજદારો કે ફરિયાદીઓએ પોતાની અરજી અગાઉથી રજૂ કરવાની રહેશે. મળતી માહિતી મુજબ, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી વર્ષ ૨૦૦૩થી શરૂ થયેલા સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ અન્વયે દર મહિનાના ચોથા ગુરુવારે રાજ્ય સ્વાગત યોજવામાં આવે છે. આ ઉપક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં સપ્ટેમ્બર-૨૦૨૪નો રાજ્યકક્ષાનો સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ તા. ૨૬મી સપ્ટેમ્બરે યોજાશે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ગુરૂવારે ૨૬મી સપ્ટેમ્બરે બપોરે ૩-૩૦ વાગ્યે રાજ્ય સ્વાગતમાં ઉપસ્થિત રહેશે અને નાગરિકોની રજૂઆતો સાંભળશે. સામાન્ય નાગરિકો, અરજદારો આ સ્વાગત કાર્યક્રમ માટેની રજૂઆતો ગુરૂવાર, તા. ૨૬મી સપ્ટેમ્બરે સવારે ૮-૩૦ થી ૧૧.૩૦ વાગ્યા સુધી મુખ્યમંત્રીના જનસંપર્ક એકમ, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર ખાતે રૂબરૂ આવીને કરી શકશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ બપોરે ૩-૩૦ કલાકે મુખ્યમંત્રી કાર્યાલય જનસંપર્ક એકમમાં ઉપસ્થિત રહીને રજૂઆતો સાંભળશે.

### અમદાવાદ સોલા સિવિલ દર્દીઓથી ઉભરાયુ

# સોલા સિવિલ હોસ્પિટલમાં ડેન્ગ્યુના ૫૦૨ કેસ નોંધાયા

### ગત મહિના કરતાં આ અઠવાડિયે ડેન્ગ્યુ, મેલેરિયા સહિત વાઇરલ ઇન્ફેક્શનના કેસોમાં વધારો જોવા મળ્યો છે

અમદાવાદ,તા.૨૪

સપ્ટેમ્બર મહિનામાં બેવડી ઋતુનો અનુભવ થતાં રોગચાળાનું પ્રમાણ વધી જતું હોય છે. આ સીઝનમાં મચ્છરજન્ય રોગોમાં ધરખમ વધારો નોંધાતો હોય છે. તેવામાં અમદાવાદ શહેરમાં ડેન્ગ્યુ, મેલેરિયા, ચિકનગુનિયા જેવા રોગોનું પ્રમાણ અન્ય રોગોના પ્રમાણ કરતાં વધારે જોવા મળી રહ્યો છે. હાલ અમદાવાદમાં આવેલી સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં ૧૦૦૦થી વધુ કેસ નોંધાયા છે. હાલ અમદાવાદમાં સરકારી અને ખાનગી હોસ્પિટલમાં ગત મહિના કરતાં આ અઠવાડિયે ડેન્ગ્યુ, મેલેરિયા સહિત વાઈરલ ઈન્ફેક્શનના કેસોમાં વધારો જોવા મળ્યો છે. જેમાં અમદાવાદ સોલા સિવિલમાં ડેન્ગ્યુ અને મેલેરિયાના કુલ ૧૨૦૦ થી પણ વધુ કેસ નોંધાયા છે. સોલા સિવિલમાં નોંધાયેલા કેસોમાં ડેન્ગ્યુના ૫૦૨ શંકાસ્પદ કેસો પૈકી ૮૯ દર્દીના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે. જ્યારે મેલેરિયાના ૬૮૦ શંકાસ્પદ કેસો પૈકી ૨૪ કેસ પોઝિટિવ આવ્યા છે. આ સાથે વાઈરલ ઈન્ફેક્શનના ૧૯૩૮ જેટલા કેસ નોંધાયા છે. તેમજ OPD અને IPD ના કેસમાં પણ વધારો જોવા મળ્યો છે. જેમાં OPD ના ૧૩,૪૭૨ કેસ અને IPD ના ૧૪૩૪ કેસ નોંધાયા છે. જ્યારે મેજર OT ના ૧૬૨ અને માઈનોર OT ના ૨૩૨ જેટલા કેસ નોંધાયા છે. બીજી તરફ સોલા સિવિલ હોસ્પિટલમાં ચિકનગુનિયાના ૬૮ જેટલા શંકાસ્પદ કેસ નોંધાયા છે. જે પૈકી ૮ દર્દીઓના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે. આ સાથે સ્વાઈન ફ્લૂના લક્ષણો ધરાવતા ૩૮ શંકાસ્પદ કેસ નોંધાયા છે. જેમાંથી ૪ દર્દીના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે. આ સિવાય ઝાડા-ઉલટીના ૧૩ કેસ, ટાઈફોઈડના ૧૩૫ કેસ અને વાઈરલ હિપેટાઈટિસના ૧૧ કેસ નોંધાયા છે. તેમજ ઘા પડ્યા પછી સતત રક્ત વહ્યા કરતો હિમોફિલિયા રોગના પણ ૯૬ જેટલા કેસ નોંધાયા છે. જેમાં પુખ્ત વયની વ્યક્તિના ૭૮ કેસ અને પીડિયાટ્રિકના ૧૮ જેટલા કેસ નોંધાયા છે.

આ અંગે અમદાવાદ સોલા સિવિલ હોસ્પિટલના આસિસ્ટન્ટ આરએમઓ ડો. કિરણ એસ. ગોસ્વામી સાથે વાત કરતા જણાવ્યું હતું કે વાતાવરણમાં થતા બદલાવની સીધી અસર આપણા સ્વાસ્થ્ય પર પડતી હોય છે. તેમાં પણ હાલ બેવડી ઋતુ વર્તાતા રોગચાળાનું પ્રમાણ વધતું હોય છે. જેમાં ખાસ કરીને પાણીજન્ય અને મચ્છરજન્ય રોગો જેવા કે ડેન્ગ્યુ, મેલેરિયા, વાઈરલ ઈન્ફેક્શન સહિતના અનેક રોગો થવાની સંભાવના વધી જાય છે.

હાલ સોલા સિવિલ હોસ્પિટલમાં ડેન્ગ્યુના ૫૦૨ કેસ નોંધાયા છે. જ્યારે મેલેરિયાના ૬૮૦ કેસ નોંધાયા છે. જે ગત માસ કરતાં ૧૦ ટકા જેટલા વધુ કેસ છે. પરંતુ ગત અઠવાડિયા કરતાં આશરે ૧૦ ટકા જેટલા ઓછા છે. વધુમાં જો કોઈ વ્યક્તિને મેડિકલને લગતી કોઈ તકલીફ ઊભી થાય તો તેમણે નજીકના સારવાર કેન્દ્રમાં જઈને એકવાર મેડિકલ ટેસ્ટ અવશ્ય કરાવી લેવો જોઈએ. આનાથી કોઈ બીમારી કે રોગ થયો હોય તો તેનું પ્રાથમિક નિદાન સારી રીતે કરી શકાય છે. ભારે તાવ આવવો, ધ્રુજારી થવી, પરસેવો થવો, માથાનો દુખાવો થવો, ઉલટી-ઉબકા થવા, શરીરમાં દુખાવો થવો, પેટને લગતી સમસ્યાઓ, સાંધામાં દુખાવો, નબળાઈ અનુભવવી, બેચેની અનુભવવી સહિતના લક્ષણો જોવા મળે છે. ઘરની આસપાસ ભરાતા વરસાદના પાણીનો અને કચરાનો યોગ્ય નિકાલ કરો. માખી-મચ્છરનો ઉપદ્રવ ન થાય તેનું ધ્યાન રાખો. રાત્રે સૂતી વખતે મચ્છરદાનીનો ઉપયોગ કરો. બીમાર વ્યક્તિના સંપર્કમાં આવવાથી બચો. ગરમ પદાર્થો જેવા કે ઉકાળો, લીંબુ-હળદર વાળું પાણી, સૂપ વગેરેનું સેવન કરો. ઈમ્યુનિટી વધારવા માટે ગરમ હળદરવાળું દૂધ પીઓ. દરરોજ થોડો સમય યોગા કરો. મોસમી ફળો અને શાકભાજી ખાઓ. પાણી હંમેશા ઉકાળીને જ પીઓ.અનેક રોગો થવાની સંભાવના વધી જાય છે.હાલ સોલા સિવિલ હોસ્પિટલમાં ડેન્ગ્યુના ૫૦૨ કેસ નોંધાયા છે. જ્યારે મેલેરિયાના ૬૮૦ કેસ નોંધાયા છે. જે ગત માસ કરતાં ૧૦ ટકા જેટલા વધુ કેસ છે. પરંતુ ગત અઠવાડિયા કરતાં આશરે ૧૦ ટકા જેટલા ઓછા છે. વધુમાં જો કોઈ વ્યક્તિને મેડિકલને લગતી કોઈ તકલીફ ઊભી થાય તો તેમણે નજીકના સારવાર કેન્દ્રમાં જઈને એકવાર મેડિકલ ટેસ્ટ અવશ્ય કરાવી લેવો જોઈએ. આનાથી કોઈ બીમારી કે રોગ થયો હોય તો તેનું પ્રાથમિક નિદાન સારી રીતે કરી શકાય છે. ભારે તાવ આવવો, ધ્રુજારી થવી, પરસેવો થવો, માથાનો દુખાવો થવો, ઉલટી-ઉબકા થવા, શરીરમાં દુખાવો થવો, પેટને લગતી સમસ્યાઓ, સાંધામાં દુખાવો, નબળાઈ અનુભવવી, બેચેની અનુભવવી સહિતના લક્ષણો જોવા મળે છે. ઘરની આસપાસ ભરાતા વરસાદના પાણીનો અને કચરાનો યોગ્ય નિકાલ કરો. માખી-મચ્છરનો ઉપદ્રવ ન થાય તેનું ધ્યાન રાખો. રાત્રે સૂતી વખતે મચ્છરદાનીનો ઉપયોગ કરો. બીમાર વ્યક્તિના સંપર્કમાં આવવાથી બચો. ગરમ પદાર્થો જેવા કે ઉકાળો, લીંબુ-હળદર વાળું પાણી, સૂપ વગેરેનું સેવન કરો. ઈમ્યુનિટી વધારવા માટે ગરમ હળદરવાળું દૂધ પીઓ. દરરોજ થોડો સમય યોગા કરો. મોસમી ફળો અને શાકભાજી ખાઓ. પાણી હંમેશા ઉકાળીને જ પીઓ.

# સીએમ બન્યા પછી હનુમાન મંદિર પહોંચ્યા આતિશી, કેજરીવાલ માટે કરી પ્રાર્થના

### કાર્યભાર સંભાળ્યા બાદ પ્રથમ વખત આતિશી કનોટ પ્લેસના હનુમાન મંદિર પહોંચ્યા અને દર્શન કર્યા. તેમણે X પર ત્યાંની તસવીરો શેર કરી

નવી દિલ્હી,તા.૨૪

દિલ્હીના મુખ્યમંત્રી બન્યા બાદ આતિશી મંગળવારે કષ્ટભંજન હનુમાનજીની શરણમાં પહોંચ્યા હતા. કાર્યભાર સંભાળ્યા બાદ પ્રથમ વખત આતિશી કનોટ પ્લેસના હનુમાન મંદિર પહોંચ્યા અને દર્શન કર્યા. તેમણે ઠ પર ત્યાંની તસવીરો શેર કરી હતી. તેમણે કેપ્શનમાં લખ્યું કે, કનોટ પ્લેસ સ્થિત પ્રાચીન હનુમાન મંદિરમાં હનુમાનજીના આશીર્વાદ લીધા. સંકટ મોચનને મારી એક જ પ્રાર્થના છે કે તેમના આશીર્વાદ હંમેશા આપણા બધાની સાથે રહે, અમે દિલ્હીના લોકો માટે કામ કરતા રહીએ અને આવનારી ચૂંટણીઓ પછી કેજરીવાલ ફરી એકવાર મુખ્યમંત્રી બને.

આ દરમિયાન તેમને પૂછવામાં આવ્યું કે તેમણે ભગવાન પાસે શું માંગ્યું? ત્યારે મુખ્યમંત્રી આતિશીએ કહ્યું કે આજે મેં કનોટ પ્લેસના આ પ્રાચીન હનુમાન મંદિરમાં દર્શન કર્યા હતા, છેલ્લા ૨ વર્ષમાં આમ આદમી પાર્ટી પર, દિલ્હી સરકાર પર તમામ પ્રકારના હુમલા થયા હતા , દુશ્મનોએ અમારા નેતા અરવિંદ કેજરીવાલ જીને અને અમને દબાવવાની, અમને ચૂપ કરવાની કોશિશ કરી, પરંતુ હનુમાનજીએ દરેક સંકટમાં આમ આદમી પાર્ટીનું રક્ષણ કર્યું છે.

તેમણે વધુમાં કહ્યું કે તેમણે અરવિંદ કેજરીવાલ જીની રક્ષા કરી છે, દિલ્હી સરકારની રક્ષા કરી છે અને દિલ્હીના લોકોની રક્ષા કરી છે, તેથી આજે મેં હનુમાનજી પાસેથી એક જ વસ્તુ માંગી છે કે હનુમાનજી હંમેશા તેમની કૃપા રાખે. તેમના આશીર્વાદ સાથે દિલ્હીની પ્રજા માટે કામ કરતા રહીએ અને તેમના આશીર્વાદ સાથે આવનારી ચૂંટણીમાં અરવિંદ કેજરીવાલ દિલ્હીના મુખ્યમંત્રી બને.૧૭ સપ્ટેમ્બરના રોજ અરવિંદ કેજરીવાલે દિલ્હીના મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું આપ્યું હતું. તે જ દિવસે, આતિશીને વિધાયક દળની બેઠકમાં ધારાસભ્ય દળના નેતા તરીકે ચૂંટવામાં આવ્યા હતા. રાષ્ટ્રપતિની મંજૂરી પછી, ૨૧ સપ્ટેમ્બરના રોજ, આતિશીએ ૫ કેબિનેટ મંત્રીઓ સાથે મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. આમ આદમી પાર્ટીના સૌથી મોટા અરવિંદ કેજરીવાલ હોય, મનીષ સિસોદિયા અને સંજય સિંહ, ખાસ પ્રસંગોએ કનોટ પ્લેસના આ પ્રાચીન હનુમાન મંદિરની મુલાકાત લેતા હોય છે.

### ગુજરાતના ૩૦માં વાર્ષિક અધિવેશનના પ્રારંભ કરાવ્યો હતો

# ડેકોરાઇઝ-૨૦૨૪ એક્ઝિબિશનનો પ્રારંભ કરાવતા સીએમ ભૂપેન્દ્ર પટેલ

### રાજ્યોની ૨૫૦થી વધુ ડેકોરેશન એન્ડ ઇવેન્ટ કંપનીઝ પોતાની નવી ઇનોવેટિવ પ્રોડક્ટ સાથે સહભાગી થઈ છે

ગાંધીનગર,તા.૨૪

સીએમ ભૂપેન્દ્ર પટેલે ડેકોરાઈઝ વેલફેર એસોસિએશન અમદાવાદના સહયોગથી ગાંધીનગરમાં યોજાઈ રહેલા ત્રિ-દિવસીય પાંચમાં ડેકોરાઈઝ-૨૦૨૪ પ્રદર્શનનું ઉદઘાટન કર્યું હતું. ઈવેન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બિઝનેસના આ વિશાળ પ્રદર્શનમાં દેશના વિવિધ રાજ્યોની ૨૫૦થી વધુ ડેકોરેશન એન્ડ ઈવેન્ટ કંપનીઝ પોતાની નવી ઈનોવેટિવ પ્રોડક્ટ સાથે સહભાગી થઈ છે.

મેરેજ, કોર્પોરેટ, ગવર્મેન્ટ અને રિલિજિયસ, સોશિયલ ઈવેન્ટમાં આ નવીન પ્રોડક્ટ અને ઈનોવેશનના ઉપયોગ અંગેનું નિદર્શન આ ત્રિ-દિવસીય પ્રદર્શનમાં જોવા મળશે. સીએમ ભૂપેન્દ્ર પટેલે આ પ્રદર્શન સાથે જ મંડપ હાયરર્સ ઈલેક્ટ્રિકલ એસોસિયેશન ગુજરાતના ૩૦માં વાર્ષિક અધિવેશનના પ્રારંભ કરાવ્યો હતો.તેમણે પ્રદર્શનના અલગ-અલગ સ્ટોલ્સની મુલાકાત પણ લીધી હતી અને એસોસિએશનના ત્રણ વરિષ્ઠ સભ્યોનું લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડથી ગૌરવ સન્માન કર્યું હતું. આ એવોર્ડ્સ મેળવનારાઓમાં નટુભાઈ ભટ્ટ ,સમીર શાહ અને સ્વ. જગદીશભાઈ ભાવસારનો સમાવેશ થાય છે.સીએમ ભૂપેન્દ્ર પટેલ સાથે આ ઉદઘાટન અવસરે ગાંધીનગરના ધારાસભ્ય શ્રીમતી રીટાબહેન, મેયર શ્રીમતી મીરાબહેન, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન ગૌરાંગભાઈ તેમજ એસોસિએશનના પ્રમુખ, સેક્રેટરી અને ખજાનચી તથા એક્ઝિક્યુટિવ મેમ્બર્સ પણ જોડાયા હતા.

### એજન્સીઓ પણ સાઈટ બહાર રોડ ઉપર કચરો ફેંકી શકશે નહીં

# કન્સ્ટ્રક્શન વેસ્ટ, માટી, પુરાણ અને કચરો રોડ ઉપર નાખી શકાશે નહીં

### જો રોડ પર કન્સ્ટ્રક્શન વેસ્ટ મળશે તો રૂ. ૨૫૦૦૦થી ૧ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવશે

અમદાવાદ,તા.૨૪

શું તમે પણ મકાન બાંધકામ કે રિનોવેશન કરાવવાનું વિચારો છો તો આ સમાચાર તમારા માટે જ છે. નાગરિકો પોતાના મકાનનું રિનોવેશન, રિપેરિંગ કે નવું બાંધકામ કરતા હોય છે. જેમાં ઉત્પન્ન થતો કન્સ્ટ્રક્શન વેસ્ટ, માટી, પુરાણ અને કચરો (ડેબ્રિજ) હવે રોડ ઉપર નાખી શકાશે નહીં. અમદાવાદમાં મ્યુનિસિપલ તંત્રના વિવિધ પ્રોજેકટો માટે કામ કરતી એજન્સીઓ પણ સાઈટ બહાર રોડ ઉપર કચરો ફેંકી શકશે નહીં. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આવા સીએનડી (કન્સ્ટ્રક્શન એન્ડ ડેબ્રિજ) વેસ્ટ નાખનારા લોકો સામે કાર્યવાહી કરવા સ્પેશિયલ સ્કવોડની રચના કરવામાં આવશે. જો રોડ પર કન્સ્ટ્રક્શન વેસ્ટ મળશે તો રૂ. ૨૫૦૦૦થી ૧ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવશે.

શહેરમાં વિવિધ જગ્યાએ લોકો દ્વારા પોતાના મકાનનું રિનોવેશન અથવા નવું બાંધકામ કરવામાં આવતું હોય છે. જેનો કન્સ્ટ્રક્શન વેસ્ટમાંથી તૂટેલા ઈંટ અને પથ્થરો વગેરે ખુલ્લા પ્લોટ અથવા રોડ ઉપર ગમે ત્યાં નાખી દેવામાં આવતો હોય છે. મ્યુનિસિપલ તંત્ર તરફથી કન્સ્ટ્રક્શન વેસ્ટ નિકાલ માટે અગાઉ નકકી કરવામાં આવેલા દરમાં બેથી ત્રણ ગણો વધારો કરવા નિર્ણય કરાયો છે. શહેરના વિવિધ રોડ ઉપર કન્સ્ટ્રક્શન વેસ્ટ પડયો ના રહે એ માટે સાત ઝોનમાં ઝોન દીઠ એક સેનિટેશન સ્કવોડને ફરજ ઉપર મુકાશે. એક મેટ્રીકટનથી ઓછા કન્સ્ટ્રક્શન વેસ્ટનો નિકાલ કરવા માટે હવે રુપિયા ૨૦૦ના બદલે રુપિયા ૫૦૦ ચુકવવા પડશે.

નાગરિકો દ્વારા રિનોવેશનથી લઈ નવા બાંધકામ દરમિયાન ઉત્પન્ન થતા કચરાના નિકાલ કરવા માટે ૧૫૫૩૦૩ ઉપર ફોન કરીને ફરિયાદ નોંધાવે તો મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા હાલમાં નિયત કરેલો ચાર્જ ચૂકવી નિકાલ કરાવી શકે છે. આ ચાર્જમાં હવે બેથી ત્રણ ગણો વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. એક મેટ્રિક ટનથી ઓછો હોય અને તેનાથી વધારે હોય તો પ્રતિ ટ્રિપ અને મેટ્રિક ટન દીઠ ચાર્જ લેવામાં આવે છે. હાલમાં રૂ. ૨૦૦થી લઈ ૧૭૦૦ રૂપિયા સુધીનો ચાર્જ લેવાય છે. એક મેટ્રિક ટનથી ઓછો કન્સ્ટ્રક્શન વેસ્ટ હશે તો ૨૦૦ રૂપિયાની જગ્યાએ હવે ૬૭૫ રૂપિયાનો ચાર્જ લેવામાં આવશે. સીએનડી વેસ્ટ ફરિયાદ અંગે કલેકશનની કામગીરી સોંપેલી હયાત એજન્સીઓ મારફતે મંજૂર થયેલ ભાવથી અને શરતોથી સંસ્થાની વેબસાઈટ અથવા મોબાઈલ નંબર ઉપર પણ નાગરિકો દ્વારા માટી-પૂરણી ઉપાડવા માટે કરિયાદ નોંધાવી નિયત થયેલા ચાર્જ ભરી નિકાલ કરાવી શકે છે.

શહેરના વિવિધ વિસ્તારમાં રોજબરોજ નાગરિકો દ્વારા તેમના મકાન,ઓફિસ કે વ્યવસાયના સ્થળે નાનુ મોટુ સમારકામ કે રીનોવેશન કરાવવામા આવતુ હોય છે.સમારકામની ચાલતી કામગીરી ઉપરાંત નવી બાંધકામ સાઈટની કામગીરી દરમિયાન કન્સ્ટ્રક્શન સાઈટ ઉપરથી તૂટેલા પથ્થર,ઈંટ, રોડાં સહિતની અન્ય સામગ્રી જાહેર રસ્તા ઉપર અથવા તો ખુલ્લા પ્લોટમાં નાંખી દેવામાં આવતો હોય છે. મ્યુનિસિપલ તંત્ર દ્વારા શહેરના વિવિધ વોર્ડમાં ૨૬ જેટલા પ્લોટ કન્સ્ટ્રક્શન વેસ્ટના નિકાલ માટે નકકી કરેલા છે.આ પ્લોટ ઉપર શહેરીજનો તેમને ત્યાંથી નીકળતો કન્સ્ટ્રક્શન વેસ્ટ નાંખી શકે છે.

# અમદાવાદમાં ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટએ જાહેરાત કરી

### સરકારી માર્ગદર્શિકા" મુજબ ૨૦૨૫ થી પીએચડી પ્રવેશમાં અનામતનો અમલ કરશે

અમદાવાદ,તા.૨૪

"સરકારી માર્ગદર્શિકા" મુજબ ૨૦૨૫ થી પીએચડી પ્રવેશમાં અનામતનો અમલ કરશે.હવે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ (IIM) અમદાવાદે તેના પીએચડી કાર્યક્રમમાં પ્રવેશ માટે ક્વોટા રજૂ કર્યો છે. આ સ્ટેપનો ઉદ્દેશ્ય અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, અન્ય પછાત વર્ગો અને વિકલાંગ વ્યક્તિઓ સહિત અનામત વર્ગોના ઉમેદવારોને દેશની ટોચની B-શાળાઓ દ્વારા ઓફર કરવામાં આવતા મેનેજમેન્ટમાં ડોક્ટરલ પ્રોગ્રામ માટે અરજી કરવા સક્ષમ બનાવવાનો છે.સાત વર્ષના લાંબા સંઘર્ષ પછી, સામાજિક ન્યાય અને સમાવેશ માટે લડતા કાર્યકરો હવે વિજયની ઉજવણી કરી રહ્યા છે કારણ કે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટએ જાહેરાત કરી છે કે તે ૨૦૨૫ થી તેના પીએચડી કાર્યક્રમોમાં આરક્ષણ લાગુ કરશે. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ અમદાવાદ દ્વારા PHD માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. IIM અમદાવાદ પ્રથમ વખત PHDમાં પ્રવેશ માટે અનામત નીતિ લાગુ કરવા જઈ રહી છે, જે અંતર્ગત ઓબીસી, એસસી, એસટી અને વિકલાંગ ઉમેદવારોને પીએચડી કોર્સમાં પ્રવેશ આપવામાં આવશે. આ ઉમેદવારો માટે અમદાવાદ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટમાં ભણવાની ઉત્તમ તક ઉભી થઈ છે. IIMA, ગયા વર્ષે એક PILજવાબમાં, ગુજરાત હાઈકોર્ટને જાણ કરી હતી કે તે ૨૦૨૫ થી માનદ ડિગ્રી પ્રોગ્રામ્સમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, અન્ય પછાત વર્ગ (OBC) તેમજ વિકલાંગ ઉમેદવારો માટે અનામત લાગુ કરી શકે છે.IIMA વેબસાઈટ પર પોસ્ટ કરાયેલ 'PhD એડમિશન ૨૦૨૫' ની જાહેરાત જણાવે છે કે "પ્રવેશ દરમિયાન આરક્ષણ માટેની ભારત સરકારની માર્ગદર્શિકાનું પાલન કરવામાં આવે છે". આગામી વર્ષથી સંસ્થામાં ક્વોટા શરૂ કરવામાં આવશે. ડોક્ટરલ પ્રોગ્રામ માટે અરજી કરવાની છેલ્લી તારીખ ૨૦ જાન્યુઆરી ૨૦૨૫ છે અને ઈન્ટરવ્યું આવતા વર્ષે માર્ચ-એપ્રિલમાં યોજાય તેવી શક્યતા છે. IIM અમદાવાદે ૧૯મી સપ્ટેમ્બરથી PHDની પ્રેક્ટિસ માટે ઓનલાઈન અરજી ફોર્મ બહાર પાડ્યા છે. જેમાં અરજી ફી ૫૦૦ રૂપિયા નક્કી કરવામાં આવી છે પરંતુ અનામત ઉમેદવારો માટે અરજી ફી ૨૫૦ રૂપિયા રહેશે. આ પ્રથમ વખત છે જ્યારે IIM અમદાવાદ અનામત હેઠળ PHD કોર્સમાં ઉમેદવારોને પ્રવેશ આપશે, આ પહેલા IIM અમદાવાદે PHD પ્રવેશ પ્રક્રિયામાં અનામત નીતિ લાગુ કરી ન હતી.IIM અમદાવાદમાંથી અત્યાર સુધીમાં કુલ ૪૭૧ ડોક્ટરલ વિદ્યાર્થીઓ ડોક્ટરલ પ્રોગ્રામમાંથી સ્નાતક થયા છે. વર્ષ ૨૦૨૫ માટ IIM અમદાવાદે ૨૦ જાન્યુઆરી ૨૦૨૫ સુધીમાં PHDમાં પ્રવેશ માટે ઉમેદવારો પાસેથી ઓનલાઈન અરજીઓ મંગાવી છ. IIM અમદાવાદે ઈકોનોમિક્સ, ફાઈનાન્સ અને એકાઉન્ટિંગ, ફૂડ એન્ડ એગ્રીબિઝનેસ, હ્યુમન રિસોર્સ મેનેજમેન્ટ, ઈન્ફોર્મેશન સિસ્ટમ્સ, ઈનોવેશન એન્ડ મેનેજમેન્ટ ઈન એજ્યુકેશન, માર્કેટિંગ, ઓપરેશન એન્ડ ડિસીઝન સાયન્સ, ઓર્ગેનાઈઝેશન બિહેવિયર, પબ્લિક સિસ્ટમ્સ અને સ્ટ્રેટેજી માટે ઉમેદવારો પાસેથી ઓનલાઈન અરજીઓ મંગાવી છે. તે પછી, ઉમેદવારોને માર્ચ અને એપ્રિલ ૨૦૨૫ માં ઈન્ટરવ્યુ પ્રક્રિયા દ્વારા શરતોનું પાલન કરીને પ્રવેશ આપવામાં આવશે.

# વિટામીનની ગોળીમાં ઝીંક, કોપરની માત્રા જ ન મળી હોવાનું સામે આવ્યુ

મહેસાણા,તા.૨૪

મહેસાણામાં કોરાનાકાળમાં વેચાતી લાઈકોસિલ ટેબલેટને લઈ ચોંકાવનારો ખુલાસો થયો છે. ગોળીઓમાં ઝીંક સલ્ફેટ અને કોપર ન હોવાનું સામે આવ્યુ છે. વિટામીનની ગોળીમાં ઝીંક, કોપરની માત્રા જ ન મળી હોવાનું સામે આવ્યુ છે. જેને લઈને હવે ૮ લોકો સામે કાર્યવાહી કરવામાં આવી છે. ફૂડ વિભાગે ૨૦૨૦માં લીધેલા સેમ્પલનું સરકારી લેબોરેટરીમાં પરીક્ષણ કરાયું હતુ. મલ્ટી વિટામીન, મલ્ટી મિનરલ કહીને લોકોને ગોળીઓ પધરાવાઈ હતી. કોર્ટમાં કેસ ચાલતા અધિક કલેકટર સુભાષ સાવલિયાએ ૧૨ લાખનો દંડ ફટકાર્યો છે. ટેબ્લેટ કંપની, કંપનીના માલિક, ભાગીદાર અને વેચનાર સહિત ૮ લોકોને દંડ ફટકારવામાં આવ્યો છે.

ફૂડ વિભાગે ૨૦૨૦માં દવાના સેમ્પલ લીધેલા હતા જેના ૪ વર્ષ પછી રિપોર્ટ આપવામાં આવ્યો છે. જો કે કોરોનાકાળમાં અનેક લોકોએ આ દવામાં લીધી પણ હતી. પરંતુ અહીં દવાના પરીક્ષણનો રીપોર્ટ આટલો મોડ કેમ આવ્યો તેવા સવાલો પણ ઊભા થઈ રહ્યા છે.

### મેથાએમ્ફટામાઇન ડ્રગ્સના સાથે ત્રણ ઈસમોને ઝડપી લીધા છે

# ભાવનગરમાં SOGએ ૭ લાખથી વધુનું ડ્રગ્સ ઝડપ્યું

### 3 ઈસમો સાથે ૭,૨૩૨,૦૦નો મુદ્દામાલ પણ કબ્જો કર્યો છે મેથાએમ્ફટામાઇન ડ્રગ્સના સાથે ત્રણ ઈસમોને ઝડપી લીધા છે

ભાવનગર,તા.૨૪

ભાવનગરમાં SOGએ ઝડપેલ ડ્રગ્સની (Drugs) તપાસ પૂર્ણ થઈ છે. ત્રણ ઈસમને ૭૦.૮૨ ગ્રામના ડ્રગ્સ સાથે ઘોઘાના કુડા ચોકડી પાસેથી ઝડપ્યા છે, ઈસમો સાથે ૭ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી એસઓજીએ કાર્યવાહી શરૂ કરી હોવાનું જાણવા મળ્યું છે.

હાલ SOG દ્વારા ઘોઘા પોલીસ સ્ટેશને ગુનો રજિસ્ટર કરાવ્યો છે. ઈકબાલ ચૌહાણ, રાજેશ સોલંકી, જયેશ ગોહેલને ઝડપી લીધા છે. ૩ ઈસમો સાથે ૭,૨૩૨,૦૦નો મુદ્દામાલ પણ કબ્જો કર્યો છે. મેથાએમ્ફટામાઈન ડ્રગ્સના સાથે ત્રણ ઈસમોને ઝડપી લીધા છે.

ગુજરાત રાજયના પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી દ્વારા ગુજરાત રાજયમાં એ.ટી.એસ.ના માર્ગદર્શન હેઠળ માદક પદાર્થના ગેરકાયદેસર વેચાણ અને વહન અંગેના કેસો કરવા અને તેવા પદાર્થ શોધી તેનું ગેરકાયદેસર વેચાણ કરતા ઈસમો સામે કાયદેસર કાર્યવાહી કરવા ગુજરાત રાજયના તમામ જીલ્લાને આદેશ આપેલ હતા.

જેના અનુસંધાને ભાવનગર રેન્જ આઈ.જી.પી. ગૌતમ પરમાર અને ભાવનગર જીલ્લા પોલીસ અધિક્ષક ડો.હર્ષદ પટેલ ભાવનગર એસ.ઓ.જી.ને જીલ્લામાંથી નાર્કોટીક્સ પદાર્થને સેવન કરતા અને વેચાણ કરતા ઈસમો બાબતે માહિતી મેળવી તેઓની સામે કાયદેસર કાર્યવાહી કરવા સુચના આપેલી હતી.

રાજકોટ શહેરમાં એસઓજીએ બાતમીના આધારે અમદાવાદથી રાજકોટ જતી વખતે થઈ રહેલી કારમાં હેરાફેરી વખતે બે શખ્સોને ઝડપી પાડ્યા હતા. કારમાંથી ૧.૮૩ લાખનો ડ્રગ્સ સાથે કાર જપ્ત કરવામાં આવી હતી. ૧૮.૩૪ ગ્રામ ડ્રગ્સ કિંમત રૂ. ૧.૮૩ લાખ અને કાર સહિત રૂ. ૩.૪૩ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

# અમરેલી જિલ્લાના નાગરિકોનો પર્યાવરણ પ્રેમ થયો ઉજાગર : અંદાજે ૨૩.૮૫ લાખ રોપાનું વિતરણ – વાવેતર



અમરેલી જિલ્લાના નાગરિકોનો પર્યાવરણ પ્રેમ ઉજાગર થયો છે, લોકોએ એક પેડ મા કે નામ અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ માટે ભારેઉત્સાહદાખવતાઆશરે૨૩.૮૫ લાખ જેટલા રોપાઓનું વિતરણ – વાવેતર કરવામાં આવ્યું છે. આ વૃક્ષારોપણના અભિયાનમાં રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પણ અમરેલી જિલ્લાના પ્રવાસ દરમિયાન સહભાગી બન્યા હતા અને ધારીના આંબરડીસફારીપાર્કખાતેવૃક્ષારોપણ કરવામાંઆવ્યુંહતું. એકપેડમાકેનામ અભિયાનને સફળ બનાવવા માટે અમરેલીસામાજિકવનીકરણવિભાગ દ્વારા ફળાઉ, છાયાદાર ઔષધીય સહિતના રોપાઓનું વિનામૂલ્ય કે નજીવાદરેરોપાઓનુંવિતરણકરવામાં આવ્યું છે.

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી શરૂ થયેલા એક પેડ મા કે નામ અભિયાન અંતર્ગત શહેર અને ગ્રામ્ય આ શહેરી વિસ્તારના જાહેર, ધાર્મિક અને પ્રવાસન, સ્કૂલ–કોલેજ, સરકારી કચેરીઓ સહિતનાસ્થળોઉપરાંતઅમૃતસરોવર ખાતેપણવિવિધવૃક્ષોનુંવાવેતરકરવામાં આવ્યુંછે,લોકોવૃક્ષવાવેતરનીસાથેવૃક્ષ ઉછેર માટે પણ સંકલ્પિત થયા છે. અમરેલી જિલ્લાના ૧૧ તાલુકાઓમાં વાડી પ્રોજેકટ અને મનરેગા યોજના અંતર્ગતપણવૃક્ષારોપણકરવામાંઆવ્યું છે. એક પેડ મા કે નામ અભિયાનને સફળ બનાવવા અને જન–જન સુધી પહોંચાડવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સુદ્રઢ આયોજન કરવામાં આવ્યું હતું.તેનાપરિણામેમહત્તમવૃક્ષવાવેતર શકય બન્યું છે અને હજુ પણ આ અભિયાનઅંતર્ગતજિલ્લામાંવૃક્ષારોપણ કરવામાંઆવીરહ્યુંછે.ફળાઉ,છાયાદાર સહિતનાવૃક્ષોનારોપા સરળતાથીમળ ી રહે તે માટે અમરેલી જિલ્લામાં સામાજિક વનીકરણ હેઠળ જિલ્લામાં ૧૬ જેટલી નર્સરી છે. આમ, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની પર્યાવરણરક્ષણપહેલએક પેડ મા કે નામ અમરેલી જિલ્લામાં અપાર આવકાર મળ્યો છે.

---

### ૫૭ દિવસ સુધી ભ્રમણકક્ષાએ મીની મુન જોવા મળશે

## રવિવારથી વિજ્ઞાન ઉપકરણથી આકાશમાં બીજો ચંદ્ર જોવા મળશે

### મીની મુન કદના કારણે નરી આંખે જોઈ શકાશે નહિ



અમદાવાદ, તા. ૨૪

રવિવાર તા. ૨૯ મી સપ્ટેમ્બરથી ૨૫ નવેમ્બર ૨૦૨૪ – ૫૭ દિવસ સુધી પૃથ્વીની ભ્રમણકક્ષાએ મીની મુન વિજ્ઞાન ઉપકરણની મદદથી જોવા મળશે. નરી આંખે જોઈ શકાશે નહિ. પૃથ્વીની આસપાસ તેની ભ્રમણકક્ષામાં ચંદ્ર સાથે અસ્થાયી રૂપે જોડાશે તેની મીની મુન બનશે. ખગોળીય ઘટના જોવા માટે વિજ્ઞાન જાથાએ અપીલ કરી છે.

જાથાના જયંત પંડયાએ માહિતી આપી તેમાં એક નાનો એસ્ટરોઈડ જેનું નામ 2024 PT5 આપવામાં આવ્યું છે. અર્જુન એસ્ટરોઈડ પટ્ટામાંથી આવેલ છે. જે ૯૩ મિલિયન માઈલ દૂર એસ્ટરોઈડસનું એક જુથ છે જે પૃથ્વી જેવી ભ્રમણકક્ષાને અનુસરે છે. આ ગ્રહની આસપાસ સંપુર્ણ પરિભ્રમણને બદલે પૃથ્વીની આસપાસ ઘોડાની નાળ જેવી ભ્રમણકક્ષા કરશે. અમુક સમય પછી ભ્રમણકક્ષામાંથી પાછા ગ્રહ તરફ વળશે. એસ્ટરોઈડ પૃથ્વીની નજીક આવે છે ત્યારે તેઓ સામાન્ય રીતે ગ્રહ દ્વારા ઉડે છે. અથવા તેઓ તેને અથડાવે છે અને પૃથ્વીના પોપડામાં ખાડો છોડી દે છે. અમુક ખાસ કિસ્સામાં તેઓ પૃથ્વીના ગુરૂત્વાકર્ષણના ખેંચાણ દ્વારા કબજે કરવામાં આવે છે. પ્લેનેટરી સોસાયટી અનુસાર મીની મુન બની જાય છે. મીની મુન પૃથ્વીની પરિક્રમા ટૂંકી સમયમર્યાદા માટે કરે છે. સામાન્ય રીતે સરેરાશ એક વર્ષ કરતાં ઓછા લગભગ ૨.૮ મિલિયન માઈલ રેન્જમાં અને લગભગ ૨૨૦૦ માઈલ પ્રતિ કલાકની સ્થિર અવકાશમાં પૃથ્વી પર મૂળ નાનો અને ઝાંખો જોવા મળે છે. ઓછામાં ઓવા ૩૦ ઈંચના વ્યાસવાળા વ્યવસાયિક – ગ્રેડ ટેલીસ્કોપથી એસ્ટરોઈડ 2024 PT5 જોઈ શકાય છે.

વધુમાં જયંત પંડયા જણાવે છે કે એસ્ટરોઈડ 2024 PT5 પૃથ્વીના ચંદ્રનો ટુકડો હોઈ શકે છે. ચંદ્ર પરની અસરમાંથી નીકળેલો એક ભાગ છે. લગભગ ૪.૬ અબજ વર્ષ પહેલા સૌર મંડળની રચના થઈ ત્યારથી બચેલા અવશેષોથી એસ્ટરોઈડસ બનેલા છે. નાસાએ એસ્ટરોઈડના ખતરો ટાળવા મીશન આરંભ્યું છે. એસ્ટરોઈડની ભ્રમણકક્ષા બદલીને માનવ જગતને સુરક્ષિત રાખવાનું કામ વૈજ્ઞાનિકો સતત કરે છે. એસ્ટરોઈડ 'બેન્નું'ને ૨૧૮૨માં પૃથ્વી સાથે ટકારાવાની સંભાવના છે. તેથી સંશોધનો આદર્યા છે. એસ્ટરોઈડ 2024 PT5 દક્ષિણ આફ્રિકા, સધરલેન્ડ દ્વારા શોધાયેલ છે.

અંતમાં જયંત પંડયા જણાવે છે કે અવકાશમાં નિયમિત ખગોળીય ઘટના બનતી હોય છે. ખગોળ વિષયક જાણકારીના અભાવે આપણે જાણતા નથી. વૈજ્ઞાનિકો બ્રહ્માંડની જાણકારી માટે પ્રયત્નશીલ છે. વિજ્ઞાનના આશિર્વાદથી જ માનવજગત સુખ સંપન્ન છે. જાથા દેશભરમાં લોકો આકાશ તરફ નજર કરતા થાય તે માટે અભિયાન આદર્યુ છે તેના ભાગરૂપે આ માહિતી લોકો સમક્ષ મુકી છે.

---

## નવા ખીજડીયા ખાતે પોષણ માસ અને પુર્ણાદિનની ઉજવણી કરાઈ





અમરેલી, તા.૨૪

પોષણ માહની ઉજવણીના ભાગરૂપે અમરેલી ૨ ઘટક અંતર્ગત ગાવડકા સેજાનાં નવા ખીજડીયા ખાતે ઘટક કક્ષાનો પોષણમાસ અને પુર્ણાદિન ઉજવણી કાર્યક્રમ કરવામાં આવેલ. કાર્યક્રમમાં સીડીપીઓ નયનાબેન શેઠ, આચાર્ય અમિતભાઈ, સુપરવાઈઝર, દેવાંગીબેન ગોસ્વામી, તલાટી મંત્રી સતિષભાઈ ચાવડા એફએચડબલ્યુ રેશ્માબેન, નવાખીજડીયા આંગણવાડી કેન્દ્રનાં કાર્યકર તેડાગર, એનએનએમ બીસી.પીએસઈ ઈન્સ્ટ્રકટર, ડબલ્યુસીડી વિભાગનાં કર્મચારીઓ અને લાભાર્થી કિશોરીઓ, સગર્ભા બહેનો, ધાત્રી માતાઓ અને અન્ય મહિલાઓ મોટી સંખ્યામાં હાજર રહેલ. જેમાં ટીએચઆર અને મિલેટસમાંથી વાનગી બનાવી નિદર્શન કરવામાં આવેલ. પોષણ માસ ઉજવણી અંતર્ગત નયનાબેન શેઠ દ્વારા આઈ.સી.ડીએસ. અને તેની યોજનાઓ વિશે લાભાર્થીઓને માહિતગાર કરવામાં આવેલ. આરોગ્યવિભાગમાંથી આવેલ એફએસડબલ્યુ રેશ્માબેન દ્વારા લાભાર્થીને આરોગ્ય વિશે અને મહિલા અને બાળ કચેરી દ્વારા મહિલાને લગતી વિવિધ યોજનાઓ વિષે લાભાર્થીને જાણકારી આપવામાં આવેલ, ત્યારબાદ લાભાર્થીઓને ટીએચઆર કીટ વિતરણ અને કિશોરીઓને ઈનામ વિતરણ કરવામાં આવેલ.

સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન સુપરવાઈઝર દેવાંગીબેન ગોસ્વામી દ્વારા સફળતાપુર્વક કરવામાં આવેલ.

---

### ''સ્વચ્છતા હી સેવા અભિયાન, સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા''

## સાવરકુંડલા ''સ્વચ્છતા હી સેવા'' અભિયાન અંતર્ગત શહેરી વિસ્તારના ધાર્મિક સ્થળોની સાફ-સફાઈ

### નગરપાલિકા કક્ષાએ જનજાગૃતિ અર્થે નાગરિક સેલ્ફી પોઈન્ટ ઇન્સ્ટોલ કરવામાં આવ્યા : જિલ્લાના નાગરિકોએ હરખથી સ્વચ્છતા સેલ્ફી લીધી

અમરેલીતા.૨૪

તા.૨આકટોબર–મહાત્મા ગાંધીજીનાજન્મદિવસનેસમગ્રભારતમાં 'સ્વચ્છભારતદિવસ' તરીકેઉજવવામાં આવે છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આ વર્ષે પણ 'સ્વચ્છ ભારત મિશન'ના ૧૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે સમગ્ર દેશમાં ''સ્વચ્છતા હી સેવા અભિયાન : સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા'' અભિયાનનું આહ્વાન કર્યુ છે.

''સ્વચ્છતા હી સેવા'' અભિયાન અંતર્ગત સાવરકુંડલા નગરપાલિકા શહેરી વિસ્તારના ધાર્મિક સ્થળોની સાફ–સફાઈ કરવામાં આવી હતી. શહેરી વિસ્તારમાં સ્વચ્છતા પ્રત્યે જનજાગૃત્તિ વધે તે માટે સાવરકુંડલા નગરપાલિકા દ્વારા માઢં શહેર સ્વચ્છ શહેર અભિયાન હાથ ધરવામાં આવ્યુંછે. નાગરિક સેલ્ફી પોઈન્ટ પણ ઈન્સ્ટોલ કરવામાંઆવ્યોછે.અમરેલી,ખાંભાખાતે પણ સેલ્ફી પોઈન્ટ બનાવવામાં આવ્યા છે, જયાં નાગરિકોએ સેલ્ફી કલીક કરી હતી.

સાવરકુંડલા ખાતે કલ્યાણેર મંદિર, જનતા બાગ, રિદ્ધિ સિદ્ધિચોક, નગરપાલિકાકચેરીસહિતના સ્થળોએ સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જિલ્લામાં નગરપાલિકા કક્ષાએ સ્વચ્છતા હી સેવાના લોગો સાથે સેલ્ફી પોઈન્ટ બનાવીને સોશિયલ મીડિયાના માધ્યમથી યુવાઓની ભાગીદારી સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં નિયમિત સ્વચ્છતા જળ વાઈ રહે તે માટે પ્રયત્ન કરવા આહ્વાન કરવામાં આવ્યુ હતુ. શહેર અને ગ્રામ્ય વિસ્તાર સ્વચ્છ, સ્વસ્થ અને હરિયાળું બને, રોગચાળા મુકત બને તે બાબતે સહિયારી જવાબદારી સાથે સ્વચ્છાગ્રહી બનવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

---

### કેજરીવાલ જનતાની અદાલતમાં પહોંચ્યા

## હું ભ્રષ્ટાચાર કરવા કે પૈસા કમાવા રાજકારણમાં આવ્યો નથીઃ કેજરીવાલ

### આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ જેલમાંથી બહાર આવ્યા બાદ દિલ્હીનું રાજકારણ કળી ઉઠ્યું છે

નવી દિલ્હી, તા.૨૪

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ જેલમાંથી બહાર આવ્યા બાદ દિલ્હીનું રાજકારણ કળી ઉઠ્યું છે. કેજરીવાલે રાજીનામું આપ્યા બાદ આતિશી દિલ્હીના મુખ્યપ્રધાન બન્યા છે. કેજરીવાલ હવે પાર્ટીને મજબૂત કરવા માટે કામે લાગી ગયા છે, કેજરીવાલે રવિવારે દિલ્હીના જંતર-મંતર મેદાન ખાતે 'જનતા કી અદાલત'નું આયોજન કર્યું હતું. આ દરમિયાન તેમણે છેલ્લા ૧૦ વર્ષમાં તેમની સરકારના કામોની વિગતો લોકોને આપી અને કેન્દ્ર સરકાર પર ગંભીર આરોપો મુક્યા હતા. કેજરીવાલે કહ્યું, ''અમે છેલ્લા દસ વર્ષમાં ઈમાનદારીથી સરકાર ચલાવી. વીજળી અને પાણી મફત આપ્યા, શિક્ષણ અને આરોગ્ય સેવાઓ ઉત્તમ બનાવી. પરંતુ મોદીજીને લાગ્યું કે જો તેમણે અમારા પર વિજય મેળવવો હશે તો તેમણે અમારી ઈમાનદારી પર પ્રહાર કરવો પડશે. તેઓએ અમને બેઈમાન સાબિત કરવાનું ષડયંત્ર રચ્યું અને આ અંતર્ગત મને, સિસોદિયા અને મારી પાર્ટીના ઘણા નેતાઓને જેલમાં ધકેલી દેવામાં આવ્યા.'' રાજીનામા અંગે કેજરીવાલે કહ્યું કે, ''મેં રાજીનામું આપ્યું કારણ કે હું ભ્રષ્ટાચાર કરવા કે પૈસા કમાવવા માટે રાજકારણમાં આવ્યો નથી. મારો હેતુ દેશની રાજનીતિ બદલવાનો છે. હું જલ્દી જ સીએમ બંગલો ખાલી કરી દઈશ, હાલ મારી પાસે પોતાનું ઘર નથી.'' કેજરીવાલે ભાવુક થતા કહ્યું કે, ''દસ વર્ષમાં મેં માત્ર જનતાનો પ્રેમ જ કમાયો છે. ઘણા લોકોએ મને ફોન કરીને મારું ઘર લઈ લો. શ્રાદ્ધ પૂર્ણ થયા બાદ અને નવરાત્રિ શરૂ થશે, હું કોઈના ઘરે રહેવા જઈશ.'' કેજરીવાલે કેન્દ્ર સરકાર અને ભાજપ પર આકરા પ્રહારો કર્યા અને કહ્યું, ''આ નેતાઓ પર આરોપોની કોઈ અસર નથી કારણ કે તેઓ જાડી ચામડીના છે. પરંતુ હું કોઈ નેતા નથી, હું એક સામાન્ય માણસ છું અને મારા પર લાગેલા આરોપો મને અસર કરે છે. મેં જાહેર અદાલતમાં આવવાનું નક્કી કર્યુ કારણ કે હું આ આરોપો સાથે જીવી શકતો નથી. જો હું બેઈમાન હોત તો મેં ૩૦૦૦ કરોડ રૂપિયાની મફત વીજળી લોકોને મફત ના આપી હોત, મહિલાઓને મફત ભાડું ન આપ્યું હોત અને બાળકો માટે શાળાઓ ન બનાવી હોત.''



ગુજરાતના રોડ ઈન્ફ્રાસ્ટ્રકચર અને માર્ગોના નિર્માણમાં નવીન ટેકનોલોજી સભર કામગીરીના અભ્યાસ માટે આંધ્રપ્રદેશના માર્ગ-મકાન મંત્રીશ્રીના નેતૃત્વમાં ઉચ્ચસ્તરીય ડેલીગેશન ગુજરાતની મૂલાકાતે

---

## ભૂપેન્દ્ર પટેલ સમક્ષ નાગરિકોની રજૂઆતો-ફરિયાદોના ઓનલાઈન નિવારણનો રાજ્ય સ્વાગત ગુરૂવાર તા. ૨૬મી સપ્ટેમ્બરે યોજાશે

### રજૂઆતકર્તાઓ સવારે ૮-૩૦થી ૧૧.૩૦ સુધી પોતાની રજૂઆતો મુખ્યમંત્રીના જનસંપર્ક એકમમાં આપી શકશે

અમદાવાદ,તા.૨૪

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ રાજ્યના નાગરિકો, પ્રજાજનોની રજૂઆતો અને સમસ્યાઓના ઓનલાઈન નિવારણ માટેનો રાજ્ય સ્વાગત કાર્યક્રમ ગુરૂવાર, તા. ૨૬ સપ્ટેમ્બરે બપોરે યોજાશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી વર્ષ ૨૦૦૩થી શરૂ થયેલા સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ અન્વયે દર મહિનાના ચોથા ગુરુવારે રાજ્ય સ્વાગત યોજવામાં આવે છે. આ ઉપક્રમમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં સપ્ટેમ્બર-૨૦૨૪નો રાજ્યકક્ષાનો સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ તા. ૨૬મી સપ્ટેમ્બરે યોજાશે.


મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ, ગુરૂવારે ૨૬મી સપ્ટેમ્બરે બપોરે ૩-૩૦ વાગ્યે રાજ્ય સ્વાગતમાં ઉપસ્થિત રહેશે અને નાગરિકોની રજૂઆતો સાંભળશે. સામાન્ય નાગરિકો, અરજદારો આ સ્વાગત કાર્યક્રમ માટેની રજૂઆતો ગુરૂવાર, તા. ૨૬મી સપ્ટેમ્બરે સવારે ૮-૩૦ થી ૧૧.૩૦ વાગ્યા સુધી મુખ્યમંત્રીશ્રીના જનસંપર્ક એકમ, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર ખાતે રૂબરૂ આવીને કરી શકશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ બપોરે ૩-૩૦ કલાકે મુખ્યમંત્રીશ્રી કાર્યાલય જનસંપર્ક એકમમાં ઉપસ્થિત રહીને રજૂઆતો સાંભળશે.

---

## સાવરકુંડલા : જીલ્લા યુવા કક્ષા મહોત્સવમાં નિશા જમોડે મેળવી સિદ્ધિ

સાવરકુંડલા, તા. ૨૪

તા.૨૨–૯–૨૪નારોજ કે.કે હાઈસ્કૂલ અને કે.કે ઘેલાણી હાયર સેકન્ડરી સ્કૂલ સાવરકુંડલાના વિદ્યાર્થી ભાઈઓ– બહેનોએ જિલ્લા કક્ષાએ યોજાયેલ યુવા ઉત્સવમાં ભાગ લીધેલ હતો. જેમાંધોરણ–૧૧ કોમર્સમાં ભણતી વિદ્યાર્થીની જમોડ નિશાએ ભરતનાટયમ નૃત્યમાં જિલ્લા કક્ષાએ પ્રથમ નંબર પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધારેલ છે. આગામી સમયમાં તેઓ પ્રદેશ કક્ષાએ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરવા જશે. કૃતિને તૈયાર કરવામાં શાળાના શિક્ષિકા બહેનો કોમલબેન મકવાણા, હેતલબેન કાચા, રીનાબેન નાગર, તથા શિલ્પાબેન બાલધિયાએ અગત્યની ભૂમિકા ભજવી હતી. નંબર મેળવનાર વિદ્યાર્થીની જમોડ નિષાબેનને શાળાના પ્રિન્સીપાલ ચેતનભાઈ ગુજરીયાએ તથા નૂતન કેળવણી મંડળના પ્રમુખ, સર્વે ટ્રસ્ટીઓ અને શાળા પરિવારે ખૂબ ખૂબ અભિનંદન સાથે શુભકામનાઓ પાઠવી હતી.



# અમરેલી જીલ્લાનાં ખેડૂતો અને વ્યવસાયકારોને વિકાસની તક મળશે : સંઘાણી



કૃષિ અને ગ્રામ્ય વિકાસ પરિષદના માધ્યમ થકી અમરેલી જીલ્લાનો સંર્વાગી વિકાસ થાય તે દિશામાં પૂર્વ કેબીનેટ મંત્રી અને ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીએ પ્રયત્નો હાથ ધર્યા છે. અમરેલી ખાતે તાજેતરમાં પ્રગતિશીલ ખેડુતોના સંવાદ વખતે એગ્રી એશીયા કૃષિ મેળો ગાંધીનગર ખાતે ઉપસ્થિત રહેવા જયારે નિમંત્રણ અપાયું ત્યારે દિલીપભાઈ સંઘાણીએ કહ્યું કે, અમરેલી જીલ્લાના કોઈપણ વેલ્યુ એડીશન કરતા ખેડુતોને વેચાણ માટે પ્લેટફોર્મ જોઈતુ હશે તો સ્ટોલનો ખર્ચ અમારી સંસ્થા ઉપાડશે અને ખેડુતોને વિના મૂલ્યે સ્ટોલ આપવામાં આવશે. અમરેલી જીલ્લાના મહેનતકસ વ્યવસાયકારો દ્વારા ચિતલ ગામે આજે ૯૦ જેટલા યુનીટમાં ખેતિમાં ઉપયોગી આધુનિક ખેત ઓજાર સનેડા બને છે. વર્ષ દહાડે ૩૫૦૦ થી ૪૦૦૦ યુનીટનું ઉત્પાદન છે દિલીપભાઈ સંઘાણીએ જણાવ્યું હતું. કે સનેડામાં ખેડુતોને સબસીડી મળે તે માટે પુર્વ કેન્દ્રીય પરશોતમભાઈ રૂપાલા દ્વારા પ્રયત્નો કરવામાં આવેલ જેમાં સફળતા મળી છે સનેડા ઉદ્યોગમાં સફળતા મળે તે માટે આગામી સમયમાં આ ઉદ્યોગકારો સાથે બેઠક કરવામાં આવશે. કૃષિ મેળો ગાંધીનગર ખાતે કૃષિ અને ગ્રામ વિકાસ પરિષદના ખર્ચે ચિતલના સેનડા અને મીની ટ્રેકટર તેમજ પ્રાકૃતિક ખેતિ અને થકી વેલ્યુ એડીશન કરેલા અમરેલી તાલુકાના મોટા આંકડીયા ગામના દિનેશભાઈ સરસૈયા અને અંજીરમાંથી જૈસી, નીમ, ચટણી જેવી દસ જેટલી પ્રોડકટનું વેચાણ કરેલ. જયારે બોરડી ગામના લાલજીભાઈ દ્વારા ગુવાર, કોઠીંબા, કારેલા, ટમેટાની વિવિધ કાચરીઓ બનાવીને વેચાણ કરેલ છે. જયારે ચિતલ ગામના યુવા પિન્યોર પ્રતિકભાઈ દાવડા અને પરેશભાઈ માંગરોળીયા દ્વારા સનેડા અને મીની ટ્રેકટર આ કૃષિ મેળામાં મુકવામાં આવેલ. કૃષિ મેળામાં હાજર પત્રકારો દ્વારા ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીને પુછવામાં આવ્યુ કે, તમે આ સ્ટોલ ઉપર ઉભા રહિને અધિકારીઓ, પદાધિકારીઓ અને ખેડુતોને કહ્યું કે અમારા અમરેલીની ઓળખ છે આવું કેમ કરો છો ? ત્યારે દિલીપભાઈ સંઘાણીએ જનમેદની વચ્ચે કહ્યું કે મને અમરેલી જીલ્લાની જનતાએ જીલ્લા પંચાયત સદસ્ય, નગરપાલિકા પ્રમુખ, ધારાસભ્ય સાંસદ, ગુજકોમાસોલ અને ઈફકો સહિતની રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સુધી પહોંચાડનાર અમરેલી જીલ્લાની જનતા છે તેનું ઋણઅ કયારેય ચુકવી ન શકુ. અમરેલી જીલ્લાના ખેડુતો અને ઉદ્યોગકારો માટે જે કરવું પડે તે તમામ પ્રયત્ન કરીશ. ખેડુતોના દિકરાઓ ખેતિ છોડીને ગામડા અને વિઘા એકના ફળિયા છોડી મહાનગરોમાં નાની ઓરડીમાં રહી મજુરી કરતા ખેડુતોના દિકરાઓને આહવાન છે ખેતિ અને પશુપાલન સાથે જોડાવ ગાયો ખરીદવા, શેડ બનાવવા આર્થિક લોન–દદ સરકાર અને બેંક કરશે. કૃષિ અને ગ્રામ વિકાસ પરિષદના માધ્યમ થકી રોજગારલક્ષી, ખેતિલક્ષી ઉદ્યોગલક્ષી કામગીરી હાથ ધરવામાં આવશે જેનો ફાયદો આગામી સમયમાં અમરેલી જીલ્લામાં મળશે તેમ અખબારી યાદીના અંતમાં જણાવાયેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું
## લીલીયા પંથકમાં ધોધમાર

થયેલ ગણતરીની મિનીટોમાં અડધો થી એક ઈંચ જેટલો વરસાદ પડી જતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. અને શેરી ગલ્લીઓના રોડ રસ્તા પર વરસાદી પાણી વહેતા થયા હતાં. લાંબા સમય બાદ વરસાદ પડી જતા ખેત ઉત્પાદનમાં ફાયદો થશે જેને લઈ ખેડુતો અને પશુ પાલકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

પાના ૧ ઉપરનું ચાલું
## બગસરાની યુવતી સાથે

મંડળીમાંથી લોન અને મારી ભાભીના ઘરેણાં ઉપરાંત સગા સંબંધીઓ પાસેથી ઉછીના પૈસા લઈ રૂા. ૩૦ લાખ ભાવના અને મનોજને આપ્યા હતા જે અંગે અશોકને પણ જાણ હતી. બાદમાં કોઈ વળતર ન મળતા પૈસાની ઉઘરાણી કરતા આ લોકો પૈસા આપતા ન હોય. આથી મારી સાથે છેતરપીંડી વિશ્વાસઘાત થયાનું લાગતા પોલીસમાં ફરિયાદ કરી છે. પોલીસે અશોક બાબરીયા, મનોજ કારેલીયા અને ભાવના હસમુખ ભટ્ટ સામે આઈપીસી કલમ ૪૨૦, ૪૦૬, ૫૦૪, ૫૦૭, ૧૧૪ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૯૦ | ૧૫૦૦ |
| ૨ | મગફળી | ૮૫૨ | ૧૦૫૨ |
| ૩ | ઘઉં | ૫૧૬ | ૫૪૯ |
| ૪ | ચણા | ૧૧૬૫ | ૧૨૫૭ |
| ૫ | અડદ | ૧૫૮૦ | ૧૫૯૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૧૨ | ૧૦૧૨ |
| ૨ | શિંગ મોટી | ૭૭૫ | ૧૧૪૫ |
| ૩ | શિંગાદાણા ફાડા | ૧૦૬૩ | ૧૩૦૮ |
| ૪ | તલ સફેદ | ૧૮૧૫ | ૨૮૨૦ |
| ૫ | તલ કાળા | ૩૦૬૦ | ૩૮૨૦ |
| ૬ | તલ કાશ્મીરી | ૩૧૨૧ | ૩૧૯૭ |
| ૭ | બાજરો | ૪૨૯ | ૪૯૨ |
| ૮ | જુવાર | ૭૨૬ | ૮૨૫ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૬૧૨ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૮૦ | ૬૦૭ |
| ૧૧ | મગ | ૧૨૫૦ | ૧૮૦૦ |
| ૧૨ | અડદ | ૧૧૩૦ | ૧૪૭૨ |
| ૧૩ | ચણા | ૧૦૫૦ | ૧૪૨૪ |
| ૧૪ | ચોળી | ૧૩૨૦ | ૧૩૨૦ |
| ૧૫ | કપાસ | ૯૮૫ | ૧૬૧૮ |
| ૧૬ | એરંડા | ૧૧૬૦ | ૧૨૧૨ |
| ૧૭ | જીરૂ | ૩૦૦૦ | ૪૪૯૦ |
| ૧૮ | રાય | ૯૫૫ | ૧૧૯૫ |
| ૧૯ | ધાણા | ૧૦૩૫ | ૧૩૮૦ |
| ૨૦ | સોયાબીન | ૮૫૦ | ૮૭૭ |
| ૨૧ | રજકાનું બી | ૪૩૦૦ | ૪૮૦૦ |
| ૨૨ | કાંગ | ૬૫૦ | ૧૦૬૬ |

## પુ.શ્રી. ડો રતિદાદાના વરદ્હસ્તે ચલાલા : સમસ્ત બ્રહ્મસમાજ યુવક–યુવતી જીવનસાથી પસંદગી સંમેલનમાં દીપ પ્રગટય



ચલાલા, તા. ૨૪, યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત ચલાલા ગાયત્રી સંસ્કાર ધામનાં વડા પુ. ડો. રતિદાદાએ સમસ્ત બ્રહ્મ સમાજ યુવક યુવતી જીવનસાથી પસંદગી સંમેલન અમદાવાદમાં દીપ પ્રગટય કરીને બધાને આશીર્વચન પાઠવ્યા હતા. ત્યારબાદ પુ. ડો. દાદાનું સન્માન કરવામાં આવ્યું હતું.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૦૦ | ૧૬૨૦ |
| ૨ | જીરૂ | ૩૩૩૩ | ૪૮૦૦ |
| ૩ | ઘઉં | ૪૫૭ | ૫૭૧ |
| ૪ | અડદ | ૧૦૨૫ | ૧૪૪૦ |
| ૫ | તલ સફેદ | ૨૦૨૦ | ૨૫૪૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ જીણી | ૧૦૦૦ | ૧૩૪૦ |
| ૨ | શીંગ મોટી | ૯૦૦ | ૧૧૦૦ |
| ૩ | તલ સફેદ | ૨૨૦૦ | ૨૬૯૧ |
| ૪ | તલ કાળા | ૩૧૦૦ | ૩૭૩૦ |
| ૫ | જીરૂ | ૩૮૦૦ | ૪૯૦૦ |
| ૬ | કપાસ | ૧૨૫૦ | ૧૬૩૦ |
| ૭ | ઘઉં લોકવન | ૪૬૦ | ૬૦૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૬૧૨ |
| ૯ | બાજરો | ૪૨૧ | ૪૭૫ |
| ૧૦ | જુવાર | ૪૮૮ | ૮૦૧ |
| ૧૧ | મકાઈ | ૪૫૦ | ૫૧૬ |
| ૧૨ | અડદ | ૧૨૫૩ | – |
| ૧૩ | ચણા | ૧૨૦૦ | ૧૫૧૫ |
| ૧૪ | તુવેર | ૧૬૨૦ | – |
| ૧૫ | ધાણા | ૧૦૪૦ | ૧૪૦૦ |

પાના ૮ ઉપરનું ચાલું
## જાફરાબાદમાં 'સ્વચ્છતા હી સેવા' અભિયાન

ચાલવા મજબુર અહીંના દુકાનદારો તથા મકાન માલિકો આ ખદબદતી ગંદકીના લીધે ત્રાહિમામ પોકારી ઉઠયા છે. અહીં સાફસફાઈ માટે મૌખિક રીતે રજુઆતો પરંતુ પાલિકાના બહેરા કાને અવાજ પહોંચતો નથી અહી ખડકાયેલા ઉકરડાના લીધે કોઈ રોગચાળો વકર્યો તો જવાબદાર કોને ખદબદતા ઉકરડાના લીધે મચ્છરો તથા માખીનો ઉપદ્રવ વધી રહયો છે. ઉકરડાની બાજુમાં મીઠાઈની દુકાનો પણ આવેલ હોય આ ગંદકીના લીધે અને માખીઓનાં લીધે કોઈ બીમારી કે કોઈ રોગચાળો ફેલાય તે પહેલા ડીડીટી તથા માખીની દવાઓનો છંટકાવ કરવામાં આવે તથા અહીં ખડકાયેલા ઉકરડાને જે.સી.બી. દ્વારા ટ્રેકટરો ભરી સાવ સાફસફાઈ કરવામાં આવે તેવી અહીનાં નાગરિકો દ્વારા માંગ ઉઠી છે. અને ખરા અર્થમાં સ્વચ્છતા હી સેવા અભિયાન હાથ ધરવામાં આવે અને જમીનથી કચરો ઉપાડવામાં આવે તેવી કામગીરી જાફરાબાદ નગરપાલિકા દ્વારા કરવામાં આવે રોડ ઉપરથી કચરો એકઠો કરીને દેખાવો બંધ કરી સાવ ઉકરડો ઉપાડી સ્વચ્છતા હી સેવા અભિયાન હાથ ધરવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે.


## જાહેર નોટિસ

મોજે. વાવડી (રોડ), ગામ, તાલુકો–કુંકાવાવ – વડીયા, જિલ્લો–અમરેલી, રેવન્યું સર્વે નંબર–સ.નં.૭૩/૧ પૈકી ૪ ના હે.આરે.ચો.મી. ૨–૨૯–૬૬ વાળી જમીનનાં ખાતા નંબર–૧૫૫

અમો યોગેશ ડી. દવે ( એડવોકેટ એન્ડ નોટરી ) આથી આ જાહેર નોટીસ આપી જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

મોજે.– વાવડી (રોડ), ગામ, તાલુકો – કુંકાવાવ–વડીયા, જિલ્લો – અમરેલી, રેવન્યું સર્વે નંબર–૭૩/૧ પૈકી ૪ ના હે.આરે.ચો.મી. ૨–૨૯–૬૬ વાળી જમીનનાં ખાતા નંબર–૧૫૫ વાળી પિયત ખેતીની જમીન (૧) શ્રી ભેસદડીયા ચુન્નીલાલ વાલજીભાઈના સ્વતંત્ર નામે આવેલ છે. આ ખેતીની જમીન તેમની સંપુર્ણ માલીકીની, બિન બોજાની, બીન તકરારી તથા ન દાવાવાળી હોવાનું જણાવી અમારા અસીલશ્રીએ વેચાણ રાખવાનું નકકી કરેલ છે.

તો ઉપરોકત જમીન કે તેના કોઈપણ ભાગ, ઉપર કોઈપણ નાણાકીય સંસ્થા, બેંક, કંપની, પેઢી કે સંસ્થા કે કોઈ પણ શખ્સનો કોઈપણ પ્રકારનો હક, હિત, હિસ્સો, સબંધ, લાગભાગ, ભાગીદાર, દાવો, બોજો, ગીરોલીયન, ચાર્જ હોય કે અન્ય હકક જેમ કે ઉપજ – નીપજ, ખેતી, ગણોત, લીઝ લાયસન્સ / કબજો ભોગવટો / બાનાખત કે રહેણાંકનાં કે વારસાઈ કે અન્ય કોઈપણ પ્રકારનાં હક્ક પોસાતા હોય તો જે તે સબંધકર્તા એ વાંધો – તકરારની જાણ આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન – ૧૦ (દસ)માં દસ્તાવેજ પુરાવા સહિત લેખિતમાં રજીસ્ટર્ડ પોસ્ટથી નીચેનાં સરનામે અચુક જાણ કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદર જમીન કે તેના કોઈ ભાગપરત્વે અન્ય કોઈનાં કોઈ જ હક્ક, હિત, હિસ્સો, સબંધ, લાગ – ભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો, લીયન, ચાર્જ નથી તેમ માનવામાં આવશે અને હોય તો તે તમામ રાજીખુશુથી જતો યાને (વેઈવ) કરેલ છે તેમ સમજી અને અમારા અસીલ રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ કરાવી લેશે ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની દાદ, ફરીયાદ કે વિવાદ ચાલશે નહી.

**તારીખ : ૨૫/૦૯/૨૦૨૪**
**સ્થળ : કુંકાવાવ મોટી**
રહે. કુંકાવાવ મોટી, શારદા ઝેરોક્ષ, શારદા શોપીંગ સેન્ટર, મુ.કુંકાવાવ મોટી, તા.વડીયા, જિ.અમરેલી.
મો. ૯૪૨૬૩૯૮૯૬૦

**યોગેશ ડી.દવે**
(એડવોકેટ એન્ડ નોટરી)
તે અમારા અસલની સુચનાથી


## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ૨ | ઘઉં લોકવન | ૫૨૨ | ૫૪૨ |
| ૩ | સોયાબીન | ૮૨૩ | ૮૪૩ |
| ૪ | મેથી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૫ | ચણા | ૧૦૭૫ | ૧૩૩૩ |
| ૬ | ધાણા | ૧૧૧૫ | ૧૨૬૫ |
| ૭ | તલ સફેદ | ૨૩૮૯ | ૨૩૮૯ |
| ૮ | ચણા સફેદ | ૧૩૫૧ | ૧૩૫૧ |
| ૯ | મગફળી | ૬૫૫ | ૭૫૫ |
| ૧૦ | અડદ | ૧૧૧૫ | ૧૬૦૦ |
| ૧૧ | જુવાર | ૭૯૦ | ૭૯૦ |
| ૧૨ | જીરૂ | ૪૨૫૦ | ૪૨૫૦ |

## વીજપડી ગામે માથાકૂટમાં સાથ ન આપનાર પર હુમલો

અમરેલી, તા. ૨૪

સાવરકુંડલા તાલુકા વીજપડી ગામે રહેતા આરોપી ગીરીશભાઈ જગદીશભાઈ ચારોલીયા તથા તુલશીભાઈ ખોડાભાઈ ચારોલીયાના કુટુંબીઓએ બે દિવસ પહેલા ગોરડકા ગામે ઝઘડો કરેલ હોય. તે ઝગડામાં સાવરકુંડલા ગામે રહેતા નિતેશભાઈ મગનભાઈ ચારોલીયાએ આરોપીને સાથ નહી આપતા તે બાબતનું મનદુ:ખ રાખી તા. ૨૩ ના ૧૧:૪૫ વાગ્યે વીજપડી ગામે આવેલ ચીખલી રોડ ઉપર બંને આરોપીઓએ નીતિશભાઈને ગાળો આપી ધારીયા વડે કપાળની ઉપર માથાના ભાગે એક ઘા મારી ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.


## જાહેર નોટિસ

મોજે. બાંભણીયા, ગામ, તાલુકો–કુંકાવાવ – વડીયા, જિલ્લો–અમરેલી, રેવન્યું સર્વે નંબર–સ.નં.૫૯ ના હે.આરે.ચો.મી. ૦–૪૦–૪૭ વાળી જમીનનાં ખાતા નંબર–૭૭૩

અમો યોગેશ ડી. દવે ( એડવોકેટ એન્ડ નોટરી ) આથી આ જાહેર નોટીસ આપી જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

મોજે. બાંભણીયા, ગામ, તાલુકો–કુંકાવાવ – વડીયા, જિલ્લો–અમરેલી, રેવન્યું સર્વે નંબર–સ.નં.૫૯ ના હે.આરે.ચો.મી. ૦–૪૦–૪૭ વાળી જમીનનાં ખાતા નંબર–૭૭૩ વાળી પિયત ખેતીની જમીન **(૧) શ્રી અમરબેન જાગાભાઈ સરવૈયા તથા (૨) રાઘવભાઈ જાગાભાઈ સરવૈયા તથા (૩) જયાબેન જાગાભાઈ સરવૈયા તથા (૪) મંજુબેન જાગાભાઈ સરવૈયા તથા (૫) બાલુબેન જાગાભાઈ સરવૈયા** ના સંયુકત નામે આવેલ છે. આ ખેતીની જમીન તેમની સંપુર્ણ માલીકીની, બિન બોજાની, બીન તકરારી તથા ન દાવાવાળી હોવાનું જણાવી અમારા અસીલશ્રીએ વેચાણ રાખવાનું નકકી કરેલ છે.

તો ઉપરોકત જમીન કે તેના કોઈપણ ભાગ, ઉપર કોઈપણ નાણાકીય સંસ્થા, બેંક, કંપની, પેઢી કે સંસ્થા કે કોઈ પણ શખ્સનો કોઈપણ પ્રકારનો હક, હિત, હિસ્સો, સબંધ, લાગભાગ, ભાગીદાર, દાવો, બોજો, ગીરોલીયન, ચાર્જ હોય કે અન્ય હકક જેમ કે ઉપજ – નીપજ, ખેતી, ગણોત, લીઝ લાયસન્સ / કબજો ભોગવટો / બાનાખત કે રહેણાંકનાં કે વારસાઈ કે અન્ય કોઈપણ પ્રકારનાં હક્ક પોસાતા હોય તો જે તે સબંધકર્તા એ વાંધો – તકરારની જાણ આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન – ૧૦ (દસ) માં દસ્તાવેજ પુરાવા સહિત લેખિતમાં રજીસ્ટર્ડ પોસ્ટથી નીચેનાં સરનામે અચુક જાણ કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદર જમીન કે તેના કોઈ ભાગપરત્વે અન્ય કોઈનાં કોઈ જ હક્ક, હિત, હિસ્સો, સબંધ, લાગ – ભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો, લીયન, ચાર્જ નથી તેમ માનવામાં આવશે અને હોય તો તે તમામ રાજીખુશુથી જતો યાને (વેઈવ) કરેલ છે તેમ સમજી અને અમારા અસીલ રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ કરાવી લેશે ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની દાદ, ફરીયાદ કે વિવાદ ચાલશે નહી.

**તારીખ : ૨૫/૦૯/૨૦૨૪**
**સ્થળ : કુંકાવાવ મોટી**
રહે. કુંકાવાવ મોટી, શારદા ઝેરોક્ષ, શારદા શોપીંગ સેન્ટર, મુ.કુંકાવાવ મોટી, તા.વડીયા, જિ.અમરેલી.
મો. ૯૪૨૬૩૯૮૯૬૦

**યોગેશ ડી.દવે**
(એડવોકેટ એન્ડ નોટરી)
તે અમારા અસલની સુચનાથી


## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ નવો | ૧૩૦૬ | ૧૪૫૦ |
| ૨ | જુવાર સફેદ | ૭૫૩ | ૭૫૩ |
| ૩ | બાજરો | ૪૬૦ | ૪૬૦ |


## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૧૭૦૦ | ૨૬૨૫ |
| ૨ | કપાસ | ૧૦૫૧ | ૧૫૫૯ |
| ૩ | બાજરો | ૪૦૦ | ૫૩૨ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૬૨૦ |
| ૫ | જુવાર | ૬૦૦ | ૮૪૮ |
| ૬ | ચણા | ૭૦૦ | ૧૪૫૪ |
| ૭ | જીરૂ | ૪૩૦૦ | ૪૩૦૦ |
| ૮ | સોયાબીન | ૮૦૦ | ૮૮૩ |

# અમરેલી જિલ્લામાં 'સ્વચ્છતા હી સેવા અભિયાન' નો ગામેગામ પ્રારંભ






તા.૨ આકટોબર – મહાત્મા ગાંધીજીના જન્મ દિવસને સમગ્ર ભારતમાં 'સ્વચ્છ ભારત દિવસ'તરીકે ઉજવવામાં આવે છે. વડાપ્રધાનનરેન્દ્રભાઈમોદીએઆવર્ષે પણ 'સ્વચ્છ ભારત મિશન' ના ૧૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે સમગ્ર દેશમાં 'સ્વચ્છતા હી સેવા અભિયાન' સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા અભિયાનનું આહ્વાન કર્યું છે. ' સ્વચ્છતા હી સેવા અભિયાન ૨૦૨૪: સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા અંતર્ગત સ્વચ્છ ભારત મિશનના ' સ્વચ્છતા હી સેવા' અંતર્ગત અમરેલી જિલ્લામાં વિવિધ સ્વચ્છતા પ્રવૃત્તિઓ શરૂ છે.સ્વચ્છતાહીસેવાઅન્વયે ધારી તાલુકાના ભાડેર, રાજુલા તાલુકાના સાંજણાવાવ ગામે ભીંત પર સ્વચ્છતાલક્ષી સૂત્રો, ભીંત ચિત્રો, સ્વચ્છતા માટે જનજાગૃત્તિ કેળવાય તે માટે કામગીરી કરવામાં આવી. લાઠી તાલુકાનાવિવિધગ્રામ્યવિસ્તારમાંઅને બાબરાતાલુકાનારાયપર, જાફરાબાદ તાલુકાના રોહિસા ગામ સહિતના વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં દિવાલને રંગરોગાન કરી તેના પર સ્વચ્છતા સંદેશ આપતા ભીંતચિત્રો અને ભીંતસૂત્રો કરીને સ્વચ્છતા માટે જનજાગૃત્તિનો પ્રયાસ કરવામાં આવ્યો.લાઠી તાલુકાના સુવાગઢ ગામે સરપંચ, સદસ્યઓની વિશેષ ઉપસ્થિતિમાં ભૂલકાંઓએ સ્વચ્છતાલક્ષીસામૂહિક કાર્યોનાપ્રારંભ માટેપ્રવૃત્તિઓહાથ ધરી, અમારૂં ગામ, સ્વચ્છ ગામનો સંદેશ પ્રસરાવ્યો. કુંકાવાવ– વડીયા તાલુકાના પંચાયત સદસ્ય, ગામના ઉપસરપંચ અને મહાનુભાવો, અગ્રણીઓ, પદાધિકારીઓના હસ્તે કુંકાવાવ – વડીયા તાલુકાના બરવાળા બાવીશી ગામે વ્યક્તિગત સોકપિટ – કમ્પોસ્ટપીટની કામગીરીના પ્રારંભ માટે પગલાઓ હાથ ધરવામાં આવ્યા.ધારી તાલુકામાં વીરપુર ગામે સરપંચ નિમુબેન જોષી તથા ગામના આગેવાનઓ અને અગ્રણીઓ દ્વારા સામૂહિક કામોના ખાતમુહૂર્તની કામગીરી કરવામાં આવી. ધારી તાલુકાના મીઠાપુર – નક્કી ગામે મનરેગા વિથ એસબીએમ કન્વર્ઝન વ્યક્તિગત સોકપિટના ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. તાલુકા પંચાયતના પ્રમુખ તેમજ સરપંચ દ્વારા બગસરા તાલુકાના હડાળા ગામે સામૂહિક સોકપિટનું ખાતમુહુર્ત કરવામાં આવ્યું.

### 'અમરેલી એક્સપ્રેસ'નાં કોલમીસ્ટ યોગેશ ભટ્ટનાં પુત્ર અને

## અમરેલીનાં સરસ્વતી વિદ્યામંદિરના વિદ્યાર્થી રાજ ભટ્ટને શિઘ્રવક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ સ્થાન

### આગામી દિવસોમાં ઉજ્જૈન ખાતે સ્પર્ધામાં ભાગ લેશે

અમરેલી, તા.૨૪

અખીલ ભારતીય સંસ્કૃતિ શિક્ષા સંસ્થાનના ઉપક્રમે – વિદ્યાભારતી ગુજરાત પ્રદેશનાં ઉપલક્ષ્યમાં સંસ્કૃતિ બોધ યોજના દ્વારા રાજયકક્ષાનો સંસ્કૃતિ મહોત્સવ હળવદ (સુ.નગર) મુકામે યોજાયેલ. જેમાં સમગ્ર રાજયમાં શ્રી સરસ્વતી વિદ્યામંદિર–અમરેલીના વિદ્યાર્થી રાજ યોગેશભાઈ ભટ્ટ શિઘ્ર વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવી શાળા અને સોમનાથ વિભાગનું ગૌરવ વધારેલ છે. આ વિદ્યાર્થી આગામી દિવસોમાં



મધ્યપ્રદેશ રાજયનાં ઉજજૈન સ્થાને રાષ્ટ્ર કક્ષાનાં સંસ્કૃતિ મહોત્સવમાં તા.૧૭/૧૮/૧૯ નવેમ્બરે રાજ યોગેશભાઈ ભટ્ટ અખિલ ભારતીય કક્ષાએ શિઘ્ર વક્તૃત્વ સ્પર્ધામાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે.

## સા.કુંડલામાં સ્વરોજગારી વિષયક માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો

સાવરકુંડલા, તા. ૨૪

સાવરકુંડલા નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી વી.ડી.ઘેલાણી મહિલા આર્ટસ કોલેજમાં સ્વદેશી જાગરણ મંચ તરફથી મનોહરજી અગ્રવાલનું 'વર્તમાન સમય મેં સ્વાવલંબન કી આવશ્યકતા' વિષયક વ્યાખ્યાન યોજાયું, જેમાં તેમણે વિદ્યાર્થીનીઓને સરકારી નોકરીની માનસિકતામાંથી બહાર આવી સ્વરોજગાર તરફ વળવા માટેનું મનનીય પ્રવચન આપ્યું, જેમાં મહેમાનોનું સ્વાગત કોલેજના પ્રિન્સિપાલ ડી.એલ ચાવડા કર્યુ, મહેમાનોનો પરિચય પ્રા. છાયાબેન શાહે આપ્યો તથા આભાર



દર્શન પ્રા.ડો. પ્રતિમાબેન શુકલ દ્વારા કરવામાં આવ્યું. કાર્યક્રમમાં બાઢડા હાઈસ્કુલના પૂર્વ આચાર્ય હિતેશભાઈ નિમ્બાર્ક તથા સાવરકુંડલા તાલુકા કેળવણીનિરીક્ષકભાવેશભાઈ બોરીસાગરની પ્રેરક ઉપસ્થિતિ હતી. કાર્યક્રમને સફળ બનાવવામાં કોલેજની વિદ્યાર્થીનીઓ તથા સ્ટાફનો સહયોગ સાંપડયો.

### જીલ્લા યુવા મહોત્સવમાં ભાગ લઈને

## સાવરકુંડલા : જે.વી.મોદી હાઈસ્કુલના વિદ્યાર્થીએ મેળવી સફળતા

### મીત હરિયાણી ઉપર અભિનંદન વર્ષા



સાવરકુંડલા, તા. ૨૪

દિપકહાઈસ્કુલઅમરેલી ખાતે યોજાયેલ અમરેલી જિલ્લ કક્ષાના યુવા મહોત્સવમાં નૂતન કેળવણી મંડળ સંચાલિત જે.વી. મોદી હાઈસ્કૂલના વિદ્યાર્થીએ સંગીત વિભાગમાં ભાગ લઈ પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ. શાળાના વિદ્યાર્થી હરીયાણી મીત હળવું કંઠય સંગીતમાં પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ. શાળાના સંગીત શિક્ષક સંજયભાઈ મહેતાના માર્ગદર્શન અને તાલીમ હેઠળ હર સાલ વિદ્યાર્થીઓ સંગીતના વિભાગમાં ભાગ લઈ વિજેતા બને છે. શાળાના વિદ્યાર્થીની સફળતાને નુતન કેળવણી મંડળના ટ્રસ્ટીઓ અને આચાર્ય આશિષકુમાર એમ. જોશી એ અભિનંદન આપી બીરદાવેલ અને હજુ આગળ વધો અને શાળાનું નામ રોશન કરો તેવી શુભેચ્છા પાઠવેલ.

### વિવિધ સેવાઓ અને યોજનાઓનો લાભ ઘરઆંગણે

## કુંકાવાવ-વડીયા તાલુકામાં યોજાયેલા સેવા સેતુ કાર્યક્રમમાં કુલ ૨,૩૮૮ અરજીઓનો સ્થળ પર ૧૦૦ ટકા હકારાત્મક નિકાલ

### ૩૧ ઓક્ટોબર સુધી તાલુકામાં ૩ કાર્યક્રમ યોજાશે

અમરેલીતા.૨૪

રાજય સરકારની જનકલ્યાણલક્ષી વિવિધ સેવાઓ અને યોજનાઓનો લાભ નાગરિકોને સરળતાથી ઘરઆંગણે મળી રહે અને તેમને ઓછામાં ઓછી મુશ્કેલી થાય તેવા પારદર્શી અભિગમ તેમજ સુશાસન નેમ સાથે રાજયવ્યાપી સેવા સેતુ કાર્યક્રમના ૧૦મા તબક્કાનો રાજયવ્યાપી પ્રારંભ થયો છે.

મહત્વનું છે કે, આગામી તા.૩૧ ઓકટોબર સુધી રાજયભરમાં યોજાનાર આ સેવાસેતુ કાર્યક્રમના ૧૦મા તબક્કા અંતર્ગત તાલુકા દીઠ ૩ અને નગરપાલિકા–મહાનગરપાલિકાદીઠ બે સેવા સેતુ કાર્યક્રમ યોજાશે. રાજય સરકારના વિવિધ વિભાગોની ૫૫ જેટલી જનકલ્યાણલક્ષી સેવા–સુવિધા સેવા સેતુમાં નાગરિકોને સ્થળ પર પૂરી પાડવાનો ઉદેશ્ય છે.

સેવા સેતુ કાર્યક્રમ એ રાજય સરકારના જનકલ્યાણલક્ષી અભિગમનું એક પરિમાણ છે. સેવા સેતુ કાર્યક્રમના માધ્યમથી અરજદારોની અરજીઓનો સ્થળ પર જ હકારાત્મક રીતે ઉકેલ આવી રહ્યો છે.

તાજેતરમાં જિલ્લાના કુંકાવાવ–વડીયા તાલુકાનો સેવા સેતુ કાર્યક્રમ–૨૦૨૪ યોજાયો હતો, કાર્યક્રમમાં રાજય સરકારની વિવિધ યોજનાઓ અન્વયે અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો હતો.

ડાયાબિટીઝ અને બ્લડ પ્રેશર ચકાસણી થયા બાદ ૩૩ આરોગ્ય કલ્યાણ કાર્ડ માટે કાર્યવાહી કરવામાં આવી હતી. ડીવર્મીંગની ૧૧૯૨ અરજીઓ બાબતે ૧૦૦ ટકા અરજીઓનું નિવારણ લાવવામાં આવ્યું હતું. પશુપાલક લાભાર્થીઓના ૪૮૦ પશુઓનું રસીકરણ, ૩૫૮ પશુઓને સારવાર સહિતની કામગીરી કરવામાં આવી.

૩૯ લાભાર્થીઓને આવકના દાખલા, ૨૮ જન્મમરણ પ્રમાણપત્રો, ૨૫ લાભાર્થીઓને રાશન કાર્ડ નામ દાખલ, આઈસીડીએસ અન્વયે ૧૦ બાળકોની આધાર નોંધણી, પ્રધાનમંત્રી સુરક્ષા વિમા યોજના અન્વયે ૭ લાભાર્થીઓની અરજી, નવા રાશનકાર્ડમાં નામ સુધારણા અને કમી કરવા ૪ અરજી બાબતે હકારાત્મક નિકાલની કામગીરી કરવામાં આવી હતી.

રાજય સરકારના સેવા સેતુ કાર્યક્રમના માધ્યમથી અરજદારોના પ્રશ્નોનું સ્થળ પર નિરાકરણ આવી રહ્યું છે. રાજય સરકારના પારદર્શી અભિગમ સુશાસન વ્યવસ્થા અંતર્ગત સેવા સેતુ કાર્યક્રમ દ્વારા નાગરિકોની વિવિધ સમસ્યાઓનું નિવારણ અરજદારોને ત્વરાએ મળી રહે તે માટે પારદર્શી શાસન વ્યવસ્થા કાર્યરત છે.


**વેચવાની છે**

ઈન્ડસઈન્ડ બેન્ક દ્વારા નીચે જણાવેલ કબજો લીધેલ વ્હીકલ વેચવાનું છે

MARUTI EECO
5 STR AC
MODEL - 2016 /
GJ 09 BE 2621

INDUSIND BANK LTD
1st Floor, Bhakti Kutir Complex, Opp. Gopi Cinema, Station road, Amreli.

Contact
HITESH CHUDASAMA
Mo.: 78780 03445


# બગસરા ખાતે તળપદા કોળી સમાજ ટ્રસ્ટ મંડળ દ્વારા "તેજસ્વી વિદ્યાર્થી સત્કાર સમારંભ" યોજાયો



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા ખાતે સ્વ. દિવાળીબેન જી.ધરજીયા ત.કોળી સમાજ ખાતે સ્વામીનારાયણ મંદિર બગસરાનાં સંતો દ્વારા દીપપ્રાગટય અને આશીર્વચનથી કાર્યક્રમની શરૂઆત થયેલ. આ સમારંભમાં પુંજાભાઈ વંશ (માજી ધારાસભ્ય ઉના), મનસુખભાઈ ચાવડા (અખિલ ભારતીય કોળી સમાજ મંત્રી), અનિલભાઈ વેકરીયા (ચેરમેન સૌરાષ્ટ્ર નાં.શ.સ.મં.લી. બગસરા) એ.વી.રીબડીયા (પ્રમુખ પતિ ન.પા.બગસરા), અનિલભાઈ શેખ (ચેરમેન આશિષ નાં.શ.મં.લી.બગસરા), શ્રીમતી રંજનબેન આર.ગોહેલ (પ્રમુખ જીલ્લા ભાજપ મહિલા મોરચા અમરેલી.) રમેશભાઈ ગોહેલ (પ્રમુખ કોળી શકિત યુવક મંડળ અમરેલી.) તથા સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહેલ હતાં. શરૂઆત બાળાઓ દ્વારા સ્વાગત ગીતથી કરવામાં આવેલ તેમજ સમાજવાડી વિકાસ (કલરકામ) માટે ૧૧૦૦૦/– નું દાન કરનાર કા.સભ્યોનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ હતું. તેમજ કા. સભ્યો તથા દાતાઓ દ્વારા શિલ્ડ તથા પ્રોત્સાહિત ઈનામ અને અલ્પાહાર રાખેલ તેમજ ધો. એલ.કે.જી. થી કોલેજ સુધીના તમામ વિદ્યાર્થીઓને શિલ્ડ અને પ્રોત્સાહિત ઈનામ એનાયત કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં વિશાલ સંખ્યામાં સમાજના વડીલો, ભાઈઓ, બહેનો ઉપસ્થિત રહેલ હતાં. આ કાર્યક્રમને સફળ બનાવવા સર્વ રમેશભાઈ ગોહેલ (મંત્રી), મનહરભાઈ લીંબડીયા (ખજાનચી) તેમજ ક.સભ્યો હરેશભાઈ રાઠોડ, ચીમનભાઈ રાથોડ, સુરેશભાઈ વલ્લભભાઈ શેખ (ઉ.પ્રમુખ) વગેરે તમામ કા. સભ્યો અને યુવાનો દ્વારા પ્રમુખ ગોવિંદભાઈ રાઠોડનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ. કાર્યક્રમનું સંચાલન અને આભાર વિધિ રમેશભાઈ ગોહેલ તથા શોભનાબેન શેખ તથા કાજલબેન બાવળીયા દ્વારા કરવામાં આવી હતી.

## ગ્રામ્ય વિસ્તારથી લઈને તાલુકા અને ત્યાંથી શહેરી વિસ્તારોમાં માર્ગો બન્યા માંદગીસભર

# હે રામ : બાબરાનો "જેટકો માર્ગ" બિસ્માર હાલતમાં

સિમેન્ટ કોન્ક્રીટથી બનેલ માર્ગમાં ગટરની કૂંડીઓ ખૂલી, મસમોટા ગાબડા અને ગંધાતા પાણીનો માહોલ

પાલિકા, પંચાયત કે સ્ટેટ વિભાગ માર્ગ બનાવે અને લગભગ તમામ કામગીરીમાં લોટ પાણીને લાકડા

માર્ગ બનાવવામાં નકલી સિમેન્ટ, ડામર કે હલ્કી કક્ષાનું સ્ટીલ તો વપરાતું નહી હોયને તેવો પ્રશ્નાર્થ

પાલિકા પ્રમુખ કરકરે ગટરની લાઈન નવી નાખવાની હોવાથી રોડનું કામ બંધ હોવાનું જણાવ્યું



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૨૫

બાબરા શહેરમાં લગભગ વિસ્તારમાં રોડ રસ્તાઓ કે ભૂગર્ભ ગટરની ખુલ્લી કુંડીઓના પ્રશ્નો છાશવારે બની રહ્યા છે. સ્થાનિક રહીશો પાલિકામાં રજૂઆત કરી રહ્યા છે પણ સમસ્યાઓનો કોઈ નિકાલ પણ કરવામાં આવતો નથી. શહેરમાં ચાલતા સોશ્યલ મીડિયા ગ્રુપમાં પણ પોતાના વિસ્તારના ગંદકી, સફાઈ, સ્ટ્રીટ લાઈટ અને રસ્તા બાબતે પોસ્ટ મૂકી શેર કરી રહ્યા છે પણ પાલિકાના સત્તાધીશો ધ્યાન નહિ આપતા હોવાનો રોષ સ્થાનિક રહીશો ઠાલવી રહ્યા છે.

બાબરા વોર્ડ નંબર ૬ વિસ્તારમાં આવેલ પીજીવીસીએલ કચેરી અને જેટકો માર્ગમાં જે સીસી રોડ બન્યો છે તે પાછલા ઘણા સમયથી ખુબજ બિસ્માર હાલતમાં છે. અહીં ગટર બ્લોગ હોવાથી પાણી રોડ પર ફરી વળે છે તેમજ રોડ પર ફૂટ ફૂટના ખાડા પડી ગયા છે જેમાં ગટરનું પાણી જમા થાય છે તેમજ ખૂલ્લી ગટરની કુંડી અકસ્માત નોતરે તેવી હાલતમાં જોવા મળી રહી છે. અહીં આસપાસ આવેલ અનેક સોસાયટીના લોકો મોર્નિંગ વોક માટે આ માર્ગમાં પસાર થાય છે પણ પણ રોડની હાલત ખરાબ હોવાથી લોકોને ના છૂટકે પસાર થવા ફરજ પડી રહી છે તેમજ અહીં પીજીવીસીએલની કચેરી આવતી હોવાથી બાબરા શહેર તેમજ આસપાસનાં લોકો આવતા હોવાથી પસાર થવામાં ખુબજ હાડમારી ભોગવવાંનો વારો આવે છે.

નગરપાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર દ્વારા જણાવ્યું હતું કે, આ માર્ગમાં જૂની ભૂગર્ભ ગટર આવેલી છે જે પ્લાન મુજબ નહિ હોવાથી નવી ભૂગર્ભ ગટર નાખવાનું પ્લાનિંગ ચાલી રહ્યું છે જેથી નવો માર્ગ કે રીપેર કરવાનું કોઈ હાલ પ્લાનિંગ નથી. એક મહિનાની અંદર નવી ભૂગર્ભ ગટર ફિટ કર્યા બાદ માર્ગ નું કામ શરૂ કરવામાં આવશે. અવરજવર માટે હાલ ટેમ્પરી એ માર્ગ બંધ કરી દેવાની સૂચના આપી છે. હાલ સ્વચ્છતા હી સેવા અભિયાન શરૂ છે તેમાં પાલિકા દ્વારા સફાઈ કરવામાં આવી રહી છે પણ જુના માર્ગની મરામત તેમજ ગટરની ખુલ્લી કુંડીને ઢાંકણા નાખી પેક કરવામાં આવે તેવી લોકો આશા રાખી રહ્યા છે.

### માત્ર ફોટોસેશન થતું હોય તેવું શહેરીજનો કહે છે

## જાફરાબાદમાં 'સ્વચ્છતા હી સેવા' અભિયાન શરૂ છતાં ઉકરડાઓનો નિકાલ થતો નથી

### ઉચ્ચ અધિકારીઓ તટસ્થ તપાસ કરે તે જરૂરી



તસ્વીર : ભરત બારૈયા-જાફરાબાદ

અમરેલી, તા. ૨૪

જાફરાબાદ આવેલ સુપર માર્કેટની બાજુમાં ખડકાયેલા ઉકરડો દિનપ્રતિદીન વધી રહયો હોવાથી રસ્તા પ્લાસ્ટિક રોડ ઉપર ઉડી ઉડીને ભરચક્ક વિસ્તારમાં પથરાયેલ રહયા છે. પરંતુ પાલિકા દ્વારા હાલમાં સ્વચ્છતા હી સેવા અભિયાનની રેલી કાઢી સેલ્ફીઓ પકડવામાં આવી હતી. પરંતુ વાસ્તવિકતા અલગ છે. જાફરાબાદના અનેક વિસ્તારોમાં આવા ઉકરડાઓ ખદબદી રહયા છે. પરંતુ પાલિકા દ્વારા ફોટા સેશન કરી ઉપલા અધિકારીઓને ઉંધા ચશ્મા પહેરાવી દેવામાં આવે છે. પરંતુ જમીની કામગીરી ખરેખર કરવામાં આવતી નથી હાલમાં રાજય સરકાર દ્વારા સ્વચ્છતા હી સેવા અભિયાન જોર જોરથી ચલાવવામાં આવી રહયું છે.

પરંતુ જાફરાબાદ નગરપાલિકા દ્વારા સ્વચ્છતા હી સેવા અભિયાન કાગળ ઉપર ચાલતી હોય દુકાનદારો તથા રહીશોમાં ચર્ચાઈ રહયું છે. સુપર માર્કેટની સાવ નજીક પ્રાથમિક સાગર શાળા આવેલી છે. તેની બાજુમાં શાકમાર્કેટ પણ આવેલી છે. અહી દરરોજ મહિલાઓ તથા બાળકોની મોટી માત્રામાં અવર-જવર રહેતી હોય આ ખડકાયેલા ઉકરડાનો લીલો સુકો કચરો રોડ ઉપર આવવાથી અને બદબુદાર પાણી રોડ ઉપર ચડતાં બાળકો તથા મહિલાઓ

અનુસંધાન પાના ૬ ઉપર

### મુરજાતી મોલાતને ફાયદો થશે

## લીલીયા પંથકમાં અર્ધો ઈંચ વરસાદથી ખેડુતોમાં ખૂશીનો માહોલ છવાયો

### અસહ્ય બફારા બાદ દે ધનાધન શરૂ



લીલીયા, તા. ૨૪

આજે લીલીયા શહેર સહિત આસપાસના ગોઢાવદર, પુંજાપાદર, અંટાળીયા, પીપળવા સહિતનાં વિસ્તારમાં લાંબા વિરામ અને અસહ્ય ગરમી બાદ બપોરના ૩:૧૫ આસપાસના સમયે ધોધમાર વરસાદ શરૂ

અનુસંધાન પાના ૬ ઉપર

### રાજ્ય સરકાર દ્વારા e-kyc માટે ઝુંબેશ જયારે

## બગસરા મામલતદાર કચેરી રેશનકાર્ડ માટે અડધો દિવસ જ કામ કરે છે

### ઝુંબેશને પગલે વધુ સમય ફાળવવા માંગ



તસ્વીર : સમીર વિરાણી-બગસરા

બગસરા, તા.૨૪

રાજય સરકાર દ્વારા વિદ્યાર્થીઓના રેશનકાર્ડ સાથે આધારકાર્ડ લિંક કરવા ઝુંબેશ શરૂ કરી છે. જયારે બગસરા મામલતદાર કચેરી આ બાબતે ઉદાસીન રહી અડધો દિવસ જ રેશનકાર્ડનું કામ કરે છે.

ચાલુ વર્ષે રાજય સરકાર દ્વારા શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત વિદ્યાર્થીઓના આધાર કાર્ડ સાથે રેશનકાર્ડ લિંક કરી e-kyc કરવા માટે સૂચના આપેલ છે. જેથી શાળા, હાઈસ્કુલ તથા કોલેજના વિદ્યાર્થીઓ પોતાના વાલીઓ સાથે રેશનકાર્ડ સાથે આધારકાર્ડ લિંક કરી e-kyc કામગીરી કરાવવા માટે બગસરા મામલતદાર કચેરીએ આવતા જોવા મળે છે. પરંતુ બગસરા મામલતદાર કચેરીમાં પુરવઠા મામલતદારની જગ્યા ચાર્જમાં ચાલતી હોવાથી માત્ર બે વાગ્યા સુધી જ રેશનકાર્ડની કોઈ પણ કામગીરી કરવામાં આવે છે. જેને લીધે વાલીઓને શાળામાંથી મોકલવામાં આવે છે. અને મામલતદાર કચેરીએ કામગીરી થતી નથી. રાજય સરકાર દ્વારા જયારે ઝુંબેશ શરૂ કરવામાં આવેલ હોય ત્યારે બગસરા મામલતદાર કચેરી પોતાના જાતે બનાવેલા નિયમોમાં ફેરફાર કરી લોકોની સુવિધા જુએ અને આ કામગીરીનો સમય આખો દિવસ કરે તેવી લોકોમાંથી માંગ ઉઠી છે.


Sheetal

સ્ટાફ જોઈએ છે.

અમરેલીની નામાંકિત કંપની
શીતલ મિલ્ક એન્ડ મિલ્ક પ્રોડક્ટ્સ માટે
અમરેલી શહેરમાં ડોર ટુ ડોર સેલ્સ-માર્કેટિંગ
કરી શકે તેવા ભાઈઓ-બહેનો જોઈએ છે.
રસધરાવનાર વ્યક્તિએ પોતાનું રિઝયુંમ
નીચેઆપેલા નંબર પર મોકલ્યા પછી સંપર્ક કરવો.

95109 59957

શીતલ કુલ પ્રોડક્ટ્સ લિમિટેડ
પ્લોટ નં. 75 થી 81,GIDC એસ્ટેટ,અમરેલી- 365601



ક્રિષ્ના ડાઈનીંગ હોલ

અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...

ફુલ ગુજરાતી થાળી

પાર્સલ સુવિધા ઉપલબ્ધ

સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ

અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.

પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી.

: હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.



૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
66,900/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૨૪/૦૯/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬



NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL

હવે આપણી ગોળ હોસ્પિટલમાં નિયમિત મળશે .......

- ડાયાબિટીસ - કિડની - લીવર ની તકલીફ
- હ્રદયરોગ - બીપી
- શ્વાસ ચડવો
- પેરાલીસીસ અને આંચકીની તકલીફ વગેરે તકલીફ ની સારવાર માટે મળો

કેશલેસ મેડિક્લેમ સુવિધા ઉપલબ્ધ

ડો. હિરલ કુચા
એમ.ડી (કન્સલટન્ટ ફિઝિશિયન અને કાર્ડિયો ડાયાબિટોલોજિસ્ટ)

24X7 ઈમરજન્સી અને એમ્બ્યુલન્સ સુવિધા ઉપલબ્ધ

અપોઈન્ટમેન્ટ માટે સંપર્ક કરો ૯૯૭૮૯૬૬૬૨૯
સમય : સવારે ૯ થી ૨ અને સાંજે ૫ થી ૮
એન. સી. ટી. કેમ્પસ, ગોળ હોસ્પિટલ, ચિત્તલ રોડ, અમરેલી


*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)